અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૯ વૃંદાવન ફલેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર– ૩૬૪૦૦૨ ૧. ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૯ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'

અનુક્રમણિકા

સદ્ભાવભરીસહાય	તંત્રી	૩
શ્રીયોગેશ્વરવાણી	યોગેશ્વરજી	૪
આધ્યાત્મિકપ્રશ્નોત્તરી–નામજપ	યોગેશ્વરજી	૬
શ્રીયોગેશ્વરકથામૃત– દક્ષિણઆફ્રિકાનોપુણ્યપ્રવાસ(૧૬)	માસર્વેશ્વરી	૯
પૂ.માસર્વેશ્વરીનુંમોટુંસેવાકાર્ય– પૂ.શ્રીયોગેશ્વરજીનાંત્રણનવાં પુસ્તકોનુંપ્રકાશન	નારાયણજાની	૧૪
શ્રીશાન્તિભાઈનીવિશેષતાબેનસ્તુતિનીનજરે	સ્તુતિ વીરપરીયા	૧૮
હરિરસનીહેલીશ્રવણઘૂંટડો(૨)	જ્યોત્સ્નાબેનત્રિવેદી	૨૧
સાંઇસિદ્ધિગીત(૩)	યોગેશ્વરજી	૨૭
પરમસુખીથવાનાઉપાય	શ્રીનથુરામશર્માજી	૩૦
કરોખરેસદ્ભાગી	યોગેશ્વરજી	૩૪
મરણનુંસ્મરણયાદરાખો	વિનોબા	૩૫
વિજ્ઞાનઉપરપણકોઇશક્તિછેજેકદીકશ્રદ્ધાથીકામકરેછે	ડૉ.શરદ	૪૧
અમરનાથનીકૃપા	યોગેશ્વરજી	૪૮
ઉપરવાળોસૌસારાંવાનાંકરશે!	ડૉ.આઇ.કે.વિજળીવાળા	૫૨
સ્પષ્ટતા	તંત્રી	૬૦
પૂ.શ્રીનાંદિવ્યપ્રાગટ્યપર્વો	સંકલન:જ્યોત્સ્નાબેનત્રિવેદી	૬૧

સદ્‌ભાવભરી સહાય

ગુજરાત યુનિવર્સીટીના સંસ્કૃત વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક તેમજ સંસ્કૃત સાહિત્ય અને ઉપનિષદોના વિવેચક એવા પંડિત હોવા છતાં, નમ્ર, વિવેકી તેમજ પૂ.મા સર્વેશ્વરી પ્રત્યે ખૂબ આદર તેમજ ભક્તિભાવ ધરાવનાર શ્રી લક્ષ્મેષભાઇ જોષી સાચે જ એક હૃદયથી ભક્ત પુરુષ છે, તેનો પરિચય ડીસે.૧૫ના હરિરસની હેલી કાર્યક્રમમાં ભાગવતના દશમ સ્કંધના ગોપીગીતનું સરળ ગુજરાતીમાં ભાષાંતર સમજાવી ઉપસ્થિત સાધકોને ભક્તિરસમાં તરબોળ કરી દીધા, ત્યારે થયો.

એવા શ્રી લક્ષ્મેશભાઇ જોષી તેમજ તેમનાં ધર્મપત્ની મીનાબેન જોષી તરફથી અધ્યાત્મના એપ્રિલ, ૨૦૧૬ના અંકની પ્રસિદ્ધિનો ખર્ચ પ્રાપ્ત થયો છે, તે બદલ તેઓના સમગ્ર બહોળા પરિવારનો આભાર માનીએ છીએ. તેમજ મા—પ્રભુ તેઓ સહુનું સર્વપ્રકાર કલ્યાણ કરે તેવી પ્રાર્થના છે.

—તંત્રી

શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

મનની શુદ્ધિ

માણસો કોઇ કોઇ વાર પૂછે છે કે મનની સ્થિરતા સહેલાઇથી કેમ નથી થતી? તેમને આપણે કહીએ છીએ કે સ્થિરતા ના થવાનાં કારણ કેટલાંય છે. તેની સાથે સાથે મનને સ્થિર કરવાનાં ઉપાય પણ ઘણા છે. એ ઉપાયમાંથી થોડાક જો અજમાવવામાં આવે તો મન સહેલાઇથી વશ થઇ જાય અથવા સ્થિર કે એકાગ્ર બની જાય. મહર્ષિ પતંજલિ તે જ વિષયની વાતચીત કરી રહ્યા છે. હવેના સૂત્રમાં એ એક બીજું જરુરી સૂચન કરે છે. એનો વિચાર આપણે કરી લઇએ.

એ માટે નિરંતર આત્મનિરીક્ષણ કરવાની જરુર છે. બીજાના ગુણદોષ જોવાની ટેવ કેળવવાને બદલે પોતાની જાતને જોવી ને તપાસવાની ટેવ પાડવાની જરુર છે. માણસો મોટે ભાગે બીજાના કાજી થઇને ફરે છે. એવી ટેવ સાધનાના માર્ગને માટે તંદુરસ્ત ના કહી શકાય. તેને બદલે પોતાના કાજી થતાં શીખવાનું છે. પળેપળે પોતાનું પરીક્ષણ કરવાનું છે, ને પોતાની અંદર જે ત્રુટી દેખાય તેને દૂર કરવાની છે. એમ કરતાં કરતાં જીવન સાત્વિક કે સદ્‌ગુણી બની શકશે. મન પણ નિર્મળ થશે.

મન બરાબર નિર્મળ થયું એમ ક્યારે કહી શકાય? એનો ઉત્તર મેળવવા માટે મનનો મેલ કોને કહેવાય તે શોધી કાઢવું

જોઈએ. દુર્ગુણ, દુર્વિચાર, વાસના ને બુરી ભાવના મનનો મેલ છે. મનના સ્વરૂપને તે મલિન કરે છે. અહંતા ને મમતા પણ મેલરૂપ જ છે. તેમાંથી પેદા થતાં રાગદ્વેષ, હર્ષશોક, ભય ને ધિક્કાર તથા ભેદભાવ પણ મનને ગંદુ કરવામાં મોટો ભાગ ભજવે છે. એ સૌને દૂર કરવાથી મન નિર્મળ થઇ જાય છે.

મનને જેણે નિર્મળ કર્યું અથવા નિર્મળ કરવાની શરુઆત કરી એને અપાર આનંદ, શાંતિ કે પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. પરમાત્માનું દર્શન એનાથી દૂર નથી રહેતું. ખરી રીતે કહીએ તો તે મનની શુદ્ધિ જ એક મોટી ને મહત્ત્વની સ્વતંત્ર કહી શકાય એવી સાધના છે. જપ ને ધ્યાન કે પ્રાણાયામ જેવી બીજી કોઈયે નાનીમોટી પદ્ધતિનો આધાર લીધા વિના પણ કેવળ એની મદદથી શાંતિ મળી શકે છે ને પોતાની અંદર તથા બહાર પ્રભુના પરમ પ્રકાશનો અનુભવ થઇ શકે છે. એનું જરુરી મહત્ત્વ જોઈતા પ્રમાણમાં ના સમજવાથી જ સાધકોનું મન વર્ષોનાં એકાંત સેવન ને વરસોની સાધના પછી પણ અશાંત રહે છે એમનો આંતરિક અસંતોષ નથી મટતો તેનું કારણ પણ એ જ છે. મનની શુદ્ધિની સિદ્ધિ કરીને જેણે સ્વભાવની સાત્ત્વિકતા સાધી લીધી તેણે તો પોતાની અંદર જ સ્વર્ગ, વૈકુંઠ ને મુક્તિધામની રચના કરી લીધી એ નક્કી સમજી લેવું. એવા કૃતકામ ને બડભાગી પુરુષના હૃદયમાં રોમેરોમમાંથી રસ, પ્રેમ, આનંદ ને શાંતિના ફુવારા ઊડતાં રહેવાનાં. એના જીવનની ધન્યતા કોઈક જુદી જ રહેવાની.

આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—નામજપ

—પૂ.યોગેશ્વરજી

પ્રશ્ન : નામજપ કરતી વખતે એકાગ્રતા નથી જળવાતી તેનું કારણ શું? તે વખતે ભાતભાતના ને જાતજાતનાં સંકલ્પો, ભાવો ને વિચારો મનમાં પેદા થાય છે તથા જાતજાતના દ્રશ્યો મનના પડદા પર પ્રકટ થાય છે. એનો અંત કેવી રીતે લાવવો?

ઉત્તર : તમારા અંતરમનમાં અનેક પ્રકારના ભાવો, વિચારો, સંકલ્પો તથા રસવૃત્તિઓના સંસ્કારો પ્રકટ કે અપ્રકટરૂપે પડેલા હોય છે. તે મનને સ્થિર કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે, પ્રબળ બનીને બહાર આવે છે ને તમારી આગળ ફર્યા કરે છે. એ સંસ્કારો કે ભાવોને નિર્મળ કરવાની કોશિશ કરો, અને એની સાથે સાથે જે વિઘાતક ભાવો, વિચારો કે સંસ્કારો છે તેમને વિવેકશક્તિની મદદ લઈને જડમૂળથી નાબૂદ કરો. એમના સૂક્ષ્મ અંકુરો તમારા આંતરમનમાં પણ રહેવા ના પામે એનું ધ્યાન રાખો. મતલબ કે મનને સ્થિર કરવાની સાધના કરવાની સાથે સાથે મનને શુદ્ધ કરવાનો પ્રયાસ પણ કરતા રહો. એથી એકાગ્રતાના મંગલ કાર્યમાં મદદ મળશે. અલબત્ત, એ કામ જરાક કષ્ટસાધ્ય છે, લાંબુ છે અને વિકટ છે પરંતુ એવા એવા વિચારો કરીને નિરાશ થવાની, નાહિંમત બનવાની કે નાસીપાસ થઇ જવાની જરુર નથી. આત્મવિશ્વાસ, આત્મનિરીક્ષણ અને ધીરજ તથા હિંમત સાથે આગળ વધવાથી મનની એકાગ્રતા અવશ્ય સિદ્ધ થશે ને નામજપ કે ધ્યાનનો અભ્યાસ કરતી વખતે મન બહારના ચિંતનમનને મૂકી દઈને આત્માભિમુખ અથવા તો અંતર્મુખ બની જશે. એ વખતે અદ્‌ભુત આનંદનો અનુભવ થશે.

પ્રશ્ન : નામજપ દરમિયાન મનની સ્થિરતા માટે બીજી કોઇ ઉપયોગી પ્રક્રિયા સૂચવી શકો છો?

ઉત્તર : બે પ્રકારની પ્રક્રિયા સૂચવી શકાય છે. એક તો જપ કરતી વખતે કે ધ્યાન ધરતી વખતે શ્વાસોચ્છવાસની ગતિનું નિરીક્ષણ કરો. શ્વાસને અંદર લેતી વખતે એક જપ કરો અને બહાર કાઢતી વખતે બીજો જપ કરો. જપ લાંબો હોય તો તેને એકથી વધારે શ્વાસમાં પણ કરી શકો છો. બીજી પ્રક્રિયા જેના જપ કરવામાં આવે તેના રૂપનું સ્મરણ કે ધ્યાન કરવાની છે. આરંભમાં થોડો વખત એ રૂપને મૂર્તિ કે ચિત્રરૂપે સામે રાખીને તેને જોતાંજોતાં ઉઘાડી આંખે જપ કે ધ્યાનનો આધાર લેવો. એ બંને પ્રક્રિયા એકાગ્રતામાં મદદરૂપ થઇ પડશે. તમે એમને અજમાવી શકો છો.

પ્રશ્ન : એકલા જપથી દર્શન થઇ શકે ખરું?

ઉત્તર : થઇ શકે, પરંતુ ક્યારે થઇ શકે તે જાણો છો? નામજપ કરતાં કરતાં અંતર ભાવવિભોર બની જાય, દ્રવી જાય અને ભગવતીના પ્રેમથી પરિપ્લાવિત કે આતુર બની જાય ત્યારે ત્યારે નામજપ કરતાં કરતાં અંતર એક પ્રકારની અનેરી લાગણીનો અનુભવ કરે છે, આંખમાંથી આંસુ ટપકે છે, પ્રાણ પ્રેમાતુર બનીને પોકારો કરવા માંડે છે, ને રોમેરોમમાં રાગ તથા રસની છોળો ઊડવા માંડે છે. એ અવસ્થા ભક્તને માટે ભારે આશીર્વાદરૂપ છે. એ અવસ્થા સૂર્યોદય પહેલાં પૂર્વાકાશમાં ઊગતી ઉષા જેવી છે. પરંતુ એવી ભાવાવસ્થા એક બે દિવસ સુધી કે વધારે વખત રહીને અદ્રશ્ય થઇ જનારી ન હોવી જોઇએ. એ એકસરખી કે અખંડ રહેવી જોઇએ, બને ત્યાં સુધી અખંડ રહેવી જોઇએ, જ્યાં સુધી ભક્તને પોતાની ઇચ્છા પ્રમાણેનાં દર્શનનો લાભ ના મળે, ત્યાં સુધી એ અવસ્થાને જતન

કરીને જાળવવી તથા વધારવી જોઇએ. એ પ્રેમમયી અનુરાગ ભરેલી અવસ્થાને પરિણામે અંતર ભગવતીના દર્શનને માટે આક્રંદ કરી ઊઠે છે, ને ભક્ત પોતાનું સર્વસમર્પણ કરવા તૈયાર થાય છે. એ પછી દર્શન દૂર નથી રહેતું.

પ્રશ્ન : કેટલા જપ કરવાથી ધારેલું ફળ મળી શકે?

ઉત્તર : તે માટેનો કોઇ ચોક્કસ નિયમ નથી બાંધી શકાતો. એટલે સારો માર્ગ તો એ છે કે જ્યાં સુધી ધારેલું ફળ ન મળે ત્યાં સુધી અને પછી પણ જપ કરતા રહો. જપ જીવનની એક સહજ ક્રિયા થઇ જવી જોઇએ. હા, ઈશ્વરના સાક્ષાત્કાર પછી એની આવશ્યકતા નહીં રહે.

પ્રશ્ન : તમારી શ્રદ્ધા શા માટે મરી પરવારી તે સમજી શકો છો? તેને માટે કોઇ કારણ બન્યું છે?

ઉત્તર : હું કેટલાય વરસોથી નિયમિત રીતે નામ—જપ ને ધ્યાનની સાધના કરતો હતો. એથી મારી શ્રદ્ધા ખૂબ જ વધી ગયેલી, મને શાંતિ મળેલી અને આનંદનો અનુભવ થતો. જુદી જુદી જાતના બીજા અનુભવો પણ થયા કરતા. પરંતુ છેલ્લા કેટલાક વખતથી મનની દશા જુદી જ થઇ ગઇ છે. હવે મારી શ્રદ્ધા ડગી ગઇ છે. નામજપમાં મને કોઇ જાતનો રસ નથી પડતો, આનંદ નથી આવતો ને ધ્યાન જેવી બીજી સાધનામાં પણ મન નથી લાગતું. હું તદ્દન હતાશ થઇ ગયો છું ને માનસિક રીતે નંખાઇ ગયો છું. મારું જીવન વ્યર્થ વહી રહ્યું છે. એમાં કશો રસ નથી લાગતો. તો મારે શું કરવું? કોઇ સંતનો સમાગમ કરવાની ઇચ્છા પણ નથી થતી.

(ક્રમશઃ)

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૮ એપ્રિલ–૨૦૧૬ અંક ૭

શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૧૬)

તા.૦૯/૧૨/૮૨, ગુરુવાર, કારતક વદ નોમ ૨૦૩૯ પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

સૂર્યનારાયણના આગમન પહેલાં સાડા ચાર વાગ્યાથી જ પ્રકાશના ઓળા પૃથ્વી પર આવી જાય છે. એટલે ઓરડામાં સાડા ચારથી જ વીજળીનું કાર્ય બંધ થઈ જાય છે.

સ્નાન, વ્યાયામ, મંત્રજપ, લેખન, આ બધો જ ક્રમ અતિનિયમિત ચાલ્યા કરે છે.

બપોરે ભોજન લઈને બહાર ફરવા જવાનું બને છે. દરરોજ શ્રી રતિભાઈ ફરવા લઈ જવા ઈચ્છે છે. ઘણા મોટા વેપારી છે. જવાબદારી પણ પાંચ–પાંચ દુકાનોની છે. છતાં સંતપ્રેમી છે, એટલે ખાસ સમય કાઢીને આગ્રહ કરીને દરરોજ જ ફરવા લઈ

જાય છે.

એમનો પ્રેમભાવ, સેવાવૃત્તિ ને ઉત્સાહ જોઈને પૂ.શ્રી એમને ખાસ નિરાશ કરતા નથી.

આજે પણ ફરવા નીકળ્યાં. દરિયાકિનારે સરપેન્ટ હાઉસ આવેલું છે. તેમાં જુદી જુદી જાતના સાપ, અજગર, કાચબા, મગર જોવા મળે છે. બે રેન્ડની ટિકિટ એક વ્યક્તિની છે. અંદર ઝાડ ઉપર, પાણીમાં, કાચનાં બંધ કબાટોમાં કાળા, લીલા, ચટાપટાવાળા, નાનામોટા, પાતળાજાડા, પાણીમાં રહેનારા, ઝેરી, સામાન્ય એમ વિવિધ પ્રકારના સાપ જીવતા જોવા મળે છે. તે જોયા બાદ, સામે જ એક બીજું સ્થાન છે જેનું નામ મીની ટાઉન છે ત્યાં રસ્તો પસાર કરીને ગયાં.

મીની ટાઉનમાં જવાની ફી પણ વ્યક્તિ દીઠ બે રેન્ડ હતી. મીની ટાઉન એટલે આખાયે ડરબનની નાની આવૃત્તિ. તેમાં બધા જ વિભાગ, રોડ, બાગ, એરપોર્ટ, બંદર, મકાન, સ્કૂલ, હોસ્પિટલ, ફેકટરી બધું જ, નાના કદમાં જોવા મળે છે. દશબાર તો ઈલેક્ટ્રિક ટ્રેઈન ફરે છે. વિસ્તાર ઘણો મોટો છે. પાણીના વિભાગમાં સ્ટીમર ફરે છે. વચ્ચે દરિયામાં પૂલ છે તે પૂલ પસાર કરવાનો હોય ત્યારે પૂલ આખો ઊંચકાઈ જાય છે. સ્ટીમર પસાર થઈ જતાં પૂલ પાછો સરખો થઈ જાય છે ને તે પાછો રસ્તો બની જાય છે. ઈલેક્ટ્રિકથી એ બધું ચાલે છે. એરપોર્ટ ઉપર પણ દશબાર વિમાનો હતાં. તે પૈકી બે વિમાનો ચાલતાં હતાં અને એક વિમાન ઊડી રહ્યું હતું. ઊપડવાના અવાજ પણ આવી રહ્યા

હતા. ત્યાં ચર્ચ પણ હતું. તેમાંથી પ્રાર્થના ને સંગીત સંભળાતાં હતાં.

આખુંયે મીની ટાઉન ડરબનની નાની પ્રતિકૃતિ હતી. એ પ્રતિકૃતિ જીવંત લાગતી હતી. જોનારાંને ગમે એવી કુદરતી રચના હતી.

દરિયાકિનારે લોકો મોટી સંખ્યામાં સ્નાન કરતાં દેખાય છે. હવે દરિયાકિનારે એક ચોથો વિભાગ ખુલ્લો મૂકાયો છે, જેમાં યુરોપીયન, આફ્રિકન, ઈન્ડિયન, કલર્ડ બધા જ સ્નાન કરી શકે છે.

દરિયાકિનારે ઠંડા પદાર્થોની બે ત્રણ સાયકલ લોરી જોવા મળી. દરિયાકિનારે અમગેની નદીનું ને સમુદ્રનું સંગમસ્થાન પણ જોયું.

સરિતા ને સમુદ્રનો એ સંગમ ઘણો રમણીય છે. બે ઘડી ત્યાં બેસીએ તો આનંદ આનંદ થાય ને શાંતિ, શીતળતા, પ્રસન્નતા મળ્યા જ કરે.

ત્યાં ઊતર્યાં. થોડીવાર ફર્યાં. પછી ગાડીમાં બેસી ઉતારા ઉપર આવ્યાં.

આરામ.

સાંજે ધ્યાનની બેઠક.

ગુરુવાર હોવાથી ફળદૂધ લઇ આરામ કર્યો. સાંઇબાબાની સ્તુતિ તો સવારે બોલી લીધી હતી. પ્રવચન દરરોજની જેમ ભારત હૉલમાં થયું.

તા.૧૦–૧૨–૮૨, શુક્રવાર, કારતક વદ દશમ ૨૦૩૯
પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.

આજની વિશેષ નોંધમાં, માંધાતા મંડળના વાર્ષિક ઉત્સવની ફિલ્મ જોઇ, જેમાં પૂ.શ્રીનું નાનકડું પ્રવચન થાય છે. એ ફિલ્મ ૧૨।। થી ૧।। સુધી જોઇ.

શ્રી રતિભાઇ એક કેમેરા લાવે છે અને અમને તે ભેટ આપવા માગે છે. અમે એનો પ્રેમપૂર્વક અસ્વીકાર કરીએ છીએ. જરુર વિના વધારાની વસ્તુનો સંગ્રહ શા માટે? અહીંની યાત્રા દરમ્યાન તસવીરો પડ્યા જ કરે છે. પછી તે કેમેરાની અમને જરુર ન હતી.

બપોરે ભોજન બાદ થોડો આરામ. પૂ.શ્રીની દિનચર્યા સવારે ત્રણથી શરુ થાય છે, તેથી બપોરે થોડો આરામ જરુરી રહે છે.

સાંજે ધ્યાનની બેઠક શરુ થઇ, તે પહેલાં એક નવાં બહેન ઓરડામાં પ્રવેશે છે. અમને બન્નેને તેઓ પ્રણામ કરે છે. પછી તેઓ મારા પલંગ ઉપર બેસી જાય છે. પૂ.શ્રી તરત જ તે બહેનને ઈશારો કરીને સૂચવે છે કે નીચે પાથર્યું છે ત્યાં બેસો. તે બહેન તરત જ નીચે બેસી જાય છે.

પૂ.શ્રી, નાનકડું વર્તન પણ શિષ્ટાચારથી વિરુદ્ધ થતું હોય તો તરત જ, કોઇ પણ હોય તેને, આદર્શ વ્યવહારની રીત શાંતિથી શીખવે છે. અહીં પહેલા દિવસની જ ધ્યાનની બેઠકમાં બે ભાઇઓ ને એક બહેન, નીચે ન બેસી શકે એટલે આવનારા પૈકી એકે કહ્યું કે માતાજીના પલંગ ઉપર એ સૌ બેસશે. પૂ.શ્રીએ

તરત જ ના પાડીને કહ્યું કે ત્યાગીના આસનને સંસારીઓએ આદરથી જોવું જોઈએ. જે નીચે નથી બેસી શકતાં તેમને અલગ ખુરશીઓ આપો. એમ એ સૂચના મુજબ ખુરશી ઉપર બેસવાનું શરુ થયું.

વાત ભલે ઘણી નાની હોય પણ એમાં આદર્શ વ્યવહાર છે કે નહીં તે પૂ.શ્રી વિચારતા હોય છે.

દરરોજની જેમ ધ્યાનની બેઠક થઈ. પ્રવચન—સ્થળે પ્રવચન પણ થયું.

પ્રવચન—સ્થળેથી પાછાં આવતાં કોઈ પ્રસંગના અનુસંધાનમાં પૂ.શ્રીએ કહ્યું : કોઈને માટે પણ કડવું વેણ શા માટે બોલવું? ‘સબસે હિલમિલ ચાલીએ નદી નાવ સંજોગ.’ તો કોઈ સાથે મતભેદ થાય જ નહીં. ચર્ચામાં ન ઊતરવું હોય તો નમસ્કાર કરીને ચાલવાનું.

ઉતારા ઉપર આવતાં આવતાં ‘‘ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે’’ એ પંક્તિઓ પૂ.શ્રીએ સમજાવી.

દૂધ પીને આરામ કર્યો.

હરિઃ ૐ

(ક્રમશઃ)

★ પીડા વગર પુરસ્કાર નથી, પરિશ્રમ વગર આનંદ નથી, અને પ્રતિક્ષા હોય તો જ પ્રાપ્તીનું મૂલ્ય સમજાય છે.
★ ઈશ્વરનું સ્મરણ સર્વ રોગોની એક માત્ર મહાન દવા છે.

પૂ.મા સર્વેશ્વરીનું મોટું સેવાકાર્ય

પૂ.શ્રી યોગેશ્વરજીનાં ત્રણ નવાં પુસ્તકોનું પ્રકાશન

—નારાયણ હ. જાની

પરમ પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીના હિમાલયના એકાંતવાસ દરમ્યાન તેઓએ કેવળ સાધના જ કરી છે એવું નથી. તેઓના જીવનમાં પ્રધાનતા સાધનાની રહી તે સાચું, પણ સાહિત્ય ઉપાસના પણ થતી રહી છે, તેનાં પરિણામે સમાજને આધ્યાત્મિક સંસ્પર્શવાળા સાત્ત્વિક સાહિત્યની પ્રસાદી કદીક પદ્ય રૂપે, તો કદીક ગદ્ય સ્વરૂપે પ્રાપ્ત થતી રહી છે. જે ગુજરાતી સાહિત્યમાં વિરલ છે, કારણ કે આધ્યાત્મિક ક્ષેત્રે સાચી સાધના કરનારા સાધકો મૂળે જ બહુ ઓછા જોવા મળે, તેમાંય જેમના ઉપર મા સરસ્વતીની કૃપા પણ હોય—એવા તો વિરલ, અતિ વિરલ. પૂ.યોગેશ્વરજી આ વિરલોમાંના એક વિરલ.

શ્રી યોગેશ્વરજીનું બાળપણથી જ પરમ લક્ષ્ય પ્રભુ—પ્રાપ્તિ, સાથે સાથે સાહિત્ય સર્જનમાં પણ એટલો જ રસ. આમ આધ્યાત્મિક સાધનામાં સાહિત્ય સર્જન કદી બાધક ના બન્યું, પરંતુ પૂરક થઈ રહ્યું. આના પરિણામે તેમની આધ્યાત્મિક અનુભૂતિઓ અક્ષરદેહ તો પામી. કેટલીક **रसात्मकम् वाक्यम् काव्यम्.** બની ગીતો અને કાવ્યોમાં પરિણમી.

પૂ.યોગેશ્વરજીનું સાધનાના પ્રારંભિક વર્ષોમાં લખાયેલું ઘણું

પદ્ય સાહિત્ય અપ્રગટ છે. પૂ.મા સર્વેશ્વરી હવે તે પ્રસિદ્ધ કરાવી રહ્યાં છે, તે આપણું મોટું સદ્‌ભાગ્ય છે.

વળી શ્રી તરલાબેન જેવાં–મા સરસ્વતીની કૃપાવાળાં સાત્ત્વિક સાહિત્ય સમીક્ષક પ્રાપ્ત થતાં, પૂ.માના આ પ્રયાસને સારો એવો વેગ મળ્યો છે. તેથી જ પૂ.માનું કાર્ય વેગ પકડી રહ્યું છે.

તા.૧૮મી માર્ચ, ૨૦૧૬નો દિને પૂ.શ્રીની પુણ્યતિથિનો દિવસ. તે દિવસે ત્રણ ગ્રંથો પ્રકાશિત થયા. જેમનાં નામ છેઃ– ૧. પ્રેમાલાપ ૨. સ્વાતિબિંદુ અને ૩. રસામૃત.

'પ્રેમાલાપ'–પૂ.શ્રીની ૧૯૪૫ના વર્ષની પદ્ય રચનાઓ છે તેના પ્રકાશનમાં આર્થિક સહયોગ ધરનાર કેનેડા નિવાસી સાધક શ્રી સુરેશભાઈ પરીખ છે.

કવચિત્ રાષ્ટ્રપ્રેમના ઉદ્‌ગારો આ લેખો લખાયેલા છે.

એનું અર્પણ કેવું સરસ છે.

જેના પ્રેમમાં મસ્ત છું એ પાગલને,

હું જ પૂજારી, મારી જ પૂજા.

આ પદ્મ સંગ્રહમાં કુલ ૧૦૬ રચનાઓમાં એમની આસપાસ અને કવિશ્રીની આત્મ નિવેદનની બે રચનાઓ મળી ૧૦૮માં પૂ.શ્રી યોગેશ્વરજીનું સંવેદન વિશ્વ ઉઘાડ પામે છે.

શ્રી તરલાબેને સાચું જ કહ્યું છે કે આ કાવ્ય સંગ્રહના બધાં જ કાવ્યો પ્રભુદર્શન–સ્પર્શન માટે આતુર પ્રમીહૃદયના પ્રેમલાપ છે કેટલાકમાં રામકૃષ્ણદેવનું પ્રભાવક વ્યક્તિત્વ તો શ્રી તરલાબેને સાચે જ નોંધ્યું છે કે આ પાગલનો પ્રેમાલાપ નહીં પણ ધીર–

ગંભીર સમજુ–શાણા મન અંતરમાંથી ઊઠતો રાગ છે, અનુરાગ છે, શુદ્ધ પ્રેમ છે. ''તેઓએ સાચે જ કહ્યું છે કે'' અહીં 'પાગલનો' અર્થ હું–તુંમાં ભેદ વિનાનો, પ્રેમમાં સઘળી સુધબુધ ખોઈ બેસનાર, સર્વસ્વ ન્યોરછાવર કરનાર અને સંપૂર્ણ પ્રભુમય થઈ જનાર ઉર્ધ્વ માનવ ચેતના અનુભવનાર સૂચિત છે.

માત્ર ૨૪ વર્ષની યુવાન વયે આવી સૂક્ષ્મ અનુભૂતિની તીવ્રતાને સચોટ, હૃદયસ્પર્શી રચનામાં ઊર્મિ અને અધ્યાત્મનું અદ્વૈત સાધનાર કવિને વંદન કર્યા સિવાય. બીજું શું કરી શકાય !

★ ★ ★

બીજા બે ગ્રંથો છે સ્વાતિબિદું ને રસામૃત. આમાં સ્વાતિબિંદુના પ્રકાશનમાં આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે ગુલાબબેન (કપૂરાના શ્રી ઈશ્વરભાઇ ભક્ત–પરમાર્થીના બેનના પુત્રો તરફથી)ના પરિવારનો, જ્યારે રસામૃતનો પ્રકાશનમાં શ્રી મોહનલાલ ને શ્રી નિર્મળાબેન, અને તેમનાં પુત્રી મયૂરીબેનનો. આ બન્ને ગ્રંથો સને ૧૯૬૦ની રચનાઓ છે. સ્વાતિબિંદુમાં ૧૧૦ જેટલાં ગદ્યમાં આ લેખાયેલ સ્વાતિબિંદુ જેવા ઉત્તમ ભાવો અભિવ્યક્તિ પામ્યા છે. કહો કે કવિવર ટાગોરની ગીતાંજલિ જેવા પ્રેરક ઉદાત્ત ભાવો સુંદર શબ્દાનુપ્રાસવાળો અક્ષરદેહ પામ્યા છે. જે વાંચકને ભાવ અને ચિંતન પ્રતિ દોરી જાય છે ને જીવનને ઉન્નત બનાવે છે.

રસામૃત–એ પરમવંદનીય શ્રી રામકૃષ્ણ પરમહંસની જીવનકથાનું કાવ્યમાં આલેખન છે. તે પણ ૧૯૬૦ની જ રચના

છે. તેના કૃતિ પરિચયમાં શ્રી તરલાબેને સરસ રીતે તારણ કાઢ્યું છે કે જ્યારે પ્રતિબિંબ બિંબને ઉપસાવે અર્થાત્ એક ચૈતન્ય અન્ય ચૈતન્યને ઝીલવા સક્ષમ બનાવે ત્યારે કથામૃતનું રસામૃતમાં રૂપાંતર થયું, એમ કહેવાય. ૨૦૦ પાનાંનો આ સુંદર ગ્રંથ–આધ્યાત્મિક સાધકોમાં જ નહીં પણ સાહિત્યપ્રેમીઓને પણ પ્રેરણાસ્પદ બને એવો છે. ઈચ્છીએ કે શ્રી ઠાકુર પ્રત્યે ભાવ ભક્તિ રાખનાર અન્ય સાધકો પણ એનો રસ ચાખી, જીવનમાં ઉર્ધ્વતાને પામે. સાથે સાથે મા જગદંબાના સાકાર સ્વરૂપમાં શ્રદ્ધાભક્તિ વધારી–એક અદ્વૈત સાધી રસામૃતના પાનને સાર્થક કરે.

સૂચનાઃ–આ ત્રણે ગ્રંથોનું પ્રાપ્તિ સ્થાન સ્વર્ગારોહણ, દાંતારોડ, અંબાજી છે. ટપાલથી આ ગ્રંથો મોકલવાની કોઈ વ્યવસ્થા નથી જેથી તે માટે પત્રવ્યવહાર ના કરવો. કારણ કે આ ગ્રંથો વેચાણ માટે નથી. સુયોગ્ય વ્યક્તિઓના હાથમાં તે જાય, તેમ મા સર્વેશ્વરી ઈચ્છે છે.

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

શ્રી શાન્તિભાઈની વિશેષતા બેન સ્તુતિની નજરે

–સ્તુતિ વીરપરીયા

શ્રી સ્તુતિબેન એ શ્રી શાન્તિભાઈ કનેરિયાની મોટી દીકરી મીનાના દીકરા શ્રીતેજસ્ભાઈની પત્ની છે. એટલે તેઓના પરિવાર સાથે સંકળાયેલી છે. તે રીતે શ્રી શાન્તિભાઈને ઘરેલુ નજરે નિહાળવાની તક તેને સહજ રીતે પ્રાપ્ત થઈ છે.

–તંત્રી

જીવનમાં કરવા જેવું એક જ કામ છે, પ્રભુ સ્મરણ એવી વારંવાર પોતાના બાળકોને શીખ ધરતા ભક્ત પુરુષ શ્રી શાંતિભાઈ અમારા તો મોટા પપ્પા. જેટલી જરુર તેટલી જ પૈસા પાછળની દોડ. ધંધો કરતાં કરતાં પ્રભુને ના ભૂલવું અને ધંધામાં પણ એક સમય નક્કી કરી સમયપત્રક પ્રમાણે સાધના કરી લેનાર. આ શ્રદ્ધાવાન ભક્ત પુરુષ નામ પ્રમાણે જ ખૂબ શાંતિવાળા, સાદા, સંયમી જીવન જીવનાર, સરળ ને દરેક પરિસ્થિતિ કે દરેક સંજોગ જાણે માની જ પ્રસાદી એમ માની વ્યક્તિગત રીતે કોઈ ફરિયાદ નહીં, કોઈ માગણી નહીં, એવું એમનું જીવન. પગલે પગલે પ્રેરણા ધરનાર જાણે શાસ્ત્રોનો નિચોડ વ્યક્તિગત રીતે ખૂબ ચોક્કસ અને પ્રભુ પરાયણ જીવન એ જ એમનું જીવન. રોજ સવારે ૩ વાગ્યે ઉઠે. પાઠ, પ્રદક્ષિણા, પ્રણામ ને પ્રભુના પ્રવચનનું. શ્રવણ એ જ નિત્યક્રમ (ક્યારેક સવારના સમયે ફોન કરીએ) આપણે ક્યારેય ફોન કરીએ ને પૂછીયે કે પપ્પા શું કરો છો તો કહે જપ કરું છું. પ્રભુ

ને માએ એક સરસ ધંધો આપ્યો છે તેનો વેપાર કરું છું.

કર તું ભજનનો વેપાર
હરિના નામનો આધાર

એ જ એમનું જીવન.

જીવનમાં ખૂબ પરિશ્રમ કરીને ખૂબ સંપત્તિ પણ કમાયા, પણ એનો બધો યશ તેઓ પ્રભુને જ આપે. તેઓના મતે તેમની સાચી સંપત્તિ તો મા અને પ્રભુ જ છે. જો તેઓ ના હોત તો તેઓની પાસે ૨૦% જેટલી પણ સંપત્તિ ના હોત.

એટલે તેમણે ધંધામાં પ્રભુને જ ભાગીદાર રાખી પ્રત્યેક વ્યાપાર કર્યો.

સ્વર્ગારોહણ અને યોગેશ્વર પરિવારના તો એ શામળિયા શેઠ, પણ પટેલ સમાજમાં પણ એમણે બીજા ઘણાં ઘણાં ડોનેશનો આપ્યા છે. ખરેખર જેને દાનવીર કહી શકાય તેવા પોતાની જરુરિયાતો માટે કે સુખ સાહેબી માટે શ્રી લક્ષ્મીનો ઉપયોગ ખૂબ ઓછો, પણ દાનની વાત આવે તો તેઓશ્રી વધુમાં વધુ શી રીતે અપાય એવું જ વિચારે.

જેવું સાધનાત્મક જીવન તેવું સ્વાવલંબી અને સાદાઈથી ભરેલું સંયમી જીવન.

જેમ કે પોતાના બધાં જ કામો જાતે કરી લેવાં, કદી કોઈને પણ કામ ન સોંપવું એ એમનો જીવનમંત્ર અને એ અનુકરણીય. આપણા જીવનમાં પણ બની રહે તેવી પ્રભુને પ્રાર્થના.

આપણા માટે ધંધો છે. ધંધા માટે આપણે નથી. એટલે જીવનનું મુખ્ય ધ્યેય પ્રભુસ્મરણ, બાકીની વસ્તુ ગૌણ. આ સિદ્ધાંતનું જીવનમાં ધર્મપત્ની તરીકે અમારાં મોટા મમ્મીએ પણ અક્ષરશઃ પાલન કરી પ્રત્યેક પ્રવૃત્તિમાં સાથ ધર્યો અને પડખે

રહ્યાં. સાધનાત્મક જીવનને અનુરૂપ રાગ–દ્વેષ રહિત જીવન જીવ્યાં. એક દીવાદાંડી બની પરિવારજનોને પણ પ્રેમમય ને શ્રદ્ધા–ભક્તિપૂર્ણ જીવન જીવવાનો આદર્શ ધર્યો અને આ જ સાચું જીવન છે અને જીવનનો આનંદ પણ આ જ છે તે પ્રત્યક્ષ ઉદાહરણ રૂપ બનીને બતાવી રહ્યાં છે.

તેમનો સ્વર્ગારોહણ પ્રત્યેનો પ્રેમ અતૂટ છે. તેની કોઈપણ પ્રવૃત્તિ હોય તો મોટા–પપ્પા સૌથી મોખરે જ હોય. આના પાયામાં એમનું વિશાળ વાંચન છે. મા–પ્રભુને સમજવાની શક્તિ છે અને ખૂબ પ્રેમાળ સ્વભાવ છે તેઓ જેટલો પ્રેમ પ્રભુને કરે છે તેટલો પરિવારને પણ કરે છે. અમારા આવા વિશાળવટવૃક્ષ જેવા, શ્રદ્ધાભક્તિની સંપત્તિવાળા મોટા પપ્પાને મા–પ્રભુ લાંબુ અને નિરોગી આયુષ્ય આપે. અમને જીવનમાં એમના પગલે ચાલવાની શક્તિ આપે અને એમના ઉદાત્ત ગુણોનું પ્રભુ અમારામાં અવતરણ કરે એ જ પ્રાર્થના.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ–૩૬૦૦૦૨**

હરિ રસની હેલી શ્રવણ ઘૂંટડો (૨)

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

૦૪/૦૯/૨૦૧૫ પર્વ—૧ (કેનેડા)
મૌન એકાંત સેવનનો પ્રારંભ

મંત્ર જપ અને સાધનને વિશેષ રીતે સજીવન કરવાનું પર્વ, વિસ્તારથી વિરામનું પર્વ, સર્વમાંથી સ્વમાં પ્રવેશવાની પગદંડી, છ કલાક મંત્ર જપ, સર્વ સ્વજનો જોડે વાતો કરવાનો જે આનંદ છે, તેના કરતાં અનેક ઘણો આનંદ છે જાત સાથે વાત કરવામાં. મન શાંત છે. ઈચ્છા જેવું માંગવા જેવું મળે તો માણવા જેવું. જીવને સર્વ દીશાથી સર્વ ક્ષેત્રના સર્વ શ્રેષ્ઠ શણગાર ધરી પૂર્ણ રીતે સજાવવાનું આ મંગલ ટાણું. હરિ દરબારે હાજર થઈ શ્રી હરિના હુકમને વધાવવાના જેટલો પણ શ્વાસ છે તે હરિ નામે સજાવવાનો આ પ્રારંભ છે.

૮ કલાક મંત્ર જાપ, ૫૦૦ માળા, ૨ ૧/૨ કલાક પ્રાર્થના, નાનકડી પ્રાર્થનાનું રટણ—આપણી વાત વન વે ટ્રાફિક જેવી નથી. શંકરનું દર્શન કરતાં કરતાં પ્રાર્થના ચાલતી હતી. તેનું મુખારવિંદ ઢળ્યું, નીચે ઢળ્યું, સ્થિર થયું. શંકરને બદલે પૂજ્યશ્રીનું મુખારવિંદ, બાલકૃષ્ણ બન્યું. બાલકૃષ્ણના નાનકડા મુખમાં કંઈક ખાતા હોય તેવું લાગ્યું. પૂજ્ય શ્રી માની ઉઘાડી આંખની આ અનુભૂતિ છે. એકાંત સેવનનો પ્રથમ દિવસ દિવ્ય પ્રસાદની ક્ષણ—ક્ષણિક ઝાંખી—ક્ષણિક નથી હોતી.

સાધનની સઘળી બાજી પરમ સખાના હાથમાં, ઉઘાડી આંખે ઝાંખી ધરવાની શક્તિ પણ પરમ સખાની, વ્યક્તિના પુરુષાર્થ

પરિણામનું ફળ છે તેવું નથી, માત્ર ને માત્ર કૃપા—પ્રભુની ઈચ્છા છે.

પરમ સખાની અખંડ વરસતી કૃપામાં આપણું પાત્ર નાનું છે.

ટાગોર કહે છે. હે પ્રભુ ! તું તો દિન રાત દાન દીધાં જ કરે છે. મને તો મુઠ્ઠીભર જ મળે છે. તું તો યુગ યુગથી આપતો જ રહ્યો.

તારી આપવાની ક્રિયા અસ્ખલિત રૂપથી ચાલુ છે. તો પણ હજી જગ્યા ખાલી છે. હું રિક્ત છું, વરસતા વરસાદમાં હું કોરો છું. પરમાત્માનો વાંક નથી, તે તો અનરાધાર વરસે છે. હે પરમસખા અમારા સહુ પર મન મૂકીને વરસો જેથી અમે પૂર્ણ પણે ભીંજાઈ જઈએ. તારી વર્ષામાં એકરસ થઈ અમે પણ વરસવા માંડીએ. હે સખે ! એવું કંઈક કરો.

લક્ષકોટિ જન્મોનું પદ મૌન એકાંતને સજ્જ કરી ગયું.

પૂજ્ય શ્રી મા કહે **"આદેશ ને વર્તનમાં દર્પણ બની જવું"**

લક્ષકોટિ પાપ પુંજને બાળવાને ભરી લે બાથ રે
સર્વેશ્વરી જાગ જરી...
જગ ઝંઝાળને કાપવા હવે કમર કસીલે આજ રે...
તેર કરોડ મંત્ર જપને મેં તો, માની છે ચપટી ધૂળ,
જીવન સંધ્યાને સાચવી હવે, કરીલો સાચો શૃંગાર રે...
વૈશ્વાનરને ઠારવાને હવે ધરી દે બીજો હો થાળ રે...
મંત્ર જપના માંડવે હું તો, ઉભો છું જોતા વાટ રે...
સર્વેશ્વરી જાગ જરી...
જીવન સંધ્યાને સાચવી...હવે કરી લો સાચો શૃંગાર રે.

વૃદ્ધ થાય ત્યારે કરચલી છુપાવવા બધા પ્રસાધનો એ જ રીતે

અધ્યાત્મ જગે આ જીવન સંધ્યાએ વિવિધ શૃંગાર ખૂબ જરુરી છે. શ્રી કબીરજી કહે છેઃ—

કરી લે શૃંગાર ચતુર અલબેલી નાર,
સાજન કે ઘર જાના હૈ,
નહાલે, ધોલે, શીશ ગુંથાલે,
સાજન કે ઘર જાના હૈ.

લખે છેઃ—

મા—પ્રભુએ ૧૩ કરોડનો થાળ ખૂબ પ્રેમથી આરોગી લીધો છે. છતાં હજી પ્રભુનો વૈશ્વાનર ઠર્યો નથી. બીજા ૧૩ કરોડ જો મા પીરસે તો પણ પ્રભુ પચાવી જશે. આ ૧૩ કરોડ તો ચટણી લાગે. બીજો થાળ હવે તૈયાર કરવા પ્રભુએ માનવ દેહે સ્વસ્થતા આપવી પડે. માનવ દેહ ટકાવવો પડે. બધી જ યોજના એની છે. એની ઈચ્છા પ્રમાણે થાળ સજ્જ કરાવશે. આ લોકે કે અન્ય લોકે પ્રભુ સાધના તો કરાવી લેશે. કાળરૂપી સાપના મુખમાંથી કોઇ છટકી શકે તેમ નથી.

પણ આ મા એવું નથી ઈચ્છતાં કે બધા બાળકો ઉંઘી જાય અને મા જ જાગે. હે મા, તમે તો જાગજો પણ બાળકોને પણ ઊંઘવા ના દેતાં.

મંત્રગાન માત્રથી ના ચાલે, સતત જાગતા રહેવાનું છે. હે મા ! તમે જાગો બાળકોને મૌનની રમત રમાડતાં રમાડતાં જીવનની રાતને પ્રભાત ધરી દો.

આપણે તો સતત ઊંઘતા જ જીવીએ છીએ. ક્ષણ જાગીએ ને રાત આખી સૂતા રહીએ. આપણી આ દશાને હઠાવવા પોતે જ પોતાના ચોકીદાર બનવાની જરુર છે. ક્યાંયે કોઇને આપણા

અનુભવ વાણીના પ્રલાપો, સત્સંગ શા માટે લાદવા પડે? પોતે જ પોતાના ઉપર, પોતાના ઉપદેશનો ભાર લાદો એ ભારેખમ ઉપદેશોને આપણે જ ઝીલીએ ને ચાલવા માંડીએ પ્રભુ પંથે. સાંભળી સાંભળીને હવે મૌન બનીને, અંદર ઊતરી જવાનું જ બાકી છે. ૧૯ થી ૨૯ ડીસે. સુધી મનમાં નક્કી કરી મૌન રહેવા પ્રયત્ન કરીશું. જાત સાથે જીવવાની મોજ માણીશું. આ પર્વ જીવનમાં રોજ રોજ ઉજવવાનું છે. બધાં જ ફ્લેગ સ્ટેશનોથી પસાર થઈ જવાનું છે. કેટલા બધા મુકામ કરતાં જીવનયાત્રા ચાલી રહી છે. જે મુકામમાં પાણીનો ૧ ઘડો પણ નથી, ત્યાં જીવ બિસ્તર પ્રસારી સૂઈ જાય છે. જાગવાનું છે. શૃંગાર કરી લેવાનો છે. આપણા કાન, મુખ, હાથ ને, પગ ને મન—જીવનને સાત્ત્વિક વિષયો ધરવાના છે. નયનો હરિ દર્શન માટે, કર્ણ હરિ કથાના શ્રવણ માટે, મુખ હરિ ગુણ ગાવા માટે, આ પગે હરિના તીર્થોની યાત્રા માટે, આ હાથ સત્કર્મ માટે છે. આવા શૃંગાર સજાવવાના છે. હાલરડાં ગાઇ ગાઇને ઊંઘાડી દે એવી આ મા નથી, જાગશે ને જગાડતી રહેશે.

આજની આ બેઠકમાંથી આ જીવંત પ્રસાદના કણ ધરાઇ ધરાઇને આરોગવાના છે. આજની બેઠક સહુએ...ખૂબ સરસ રીતે માણી છે, ને તેને જીવનમાં ઉતારવાની છે.

ભાઇ દેવાંગ પ્રભુના એકએક શબ્દને છપ્પન ભોગનો અન્નકૂટ માની ન્યાય આપી રહ્યા છે. આ પૂર્ણ આહાર આરોગીને, અલ્પાહાર કરવાનો છે.

આપણા સહુનું સદ્દભાગ્ય છે કે લક્ષ્મેષભાઇ જેવા સ્વજન ભક્ત પુરુષ પધારી રહ્યા છે.

શ્રી લક્ષ્મેષભાઈઃ—

મા પ્રભુને જગદંબાની કૃપાથી મળીએ છીએ. માના સાનિધ્યમાં બેઠેલા સહુ પ્રભુના કૃપા પાત્ર. સંસારમાં અનેક ઠેકાણે મળવાનું થાય, પણ આવું મળવાનું ભાગ્યે જ બને. માને આનંદ આવે તેવું બોલીશ.

ગોપી ગીત—ભાગવતનો ઉત્તમ અધ્યાય ૧૯ શ્લોક—પરમ આનંદની પ્રાપ્તિ. દરેક જીવ ઝંખે છે. સંસારિક આનંદનો કંટાળો આવે, પરમાત્માનો આનંદ મેળવ્યા પછી જ સાચો આનંદ આવે.

ન્યાય સૂત્રમાં ગૌતમ ઋષિએ કહ્યું છે કે મનુષ્ય માત્રને દુઃખ હોય તે દુઃખને સહન કરવું સહુને ફાવે છે. સંપત્તિવાળાને વધુ સત્સંગ જોઈએ.

જન્મનું કારણ રાગદ્વેષથી થતી પ્રવૃત્તિ,—નિષ્કામ કર્મ જન્મનું કારણ નહીં, રાગ દ્વેષ—કારણ છે. સંસારમાં મન સતત રાગદ્વેષમાં જ રહે છે. મનને નવરું રાખવું નહીં.

જેમાં મત્સર ન હોય, ઈર્ષા ન હોય તે સંત, આ ભાગવતની વ્યાખ્યા. સ્વભાવથી એકલા પડીએ ત્યારે નિંદા કરવાનું મન થાય. જન્મને દૂર કરવા સકામ કર્મો દૂર કરવાં, ચિત્ત શુદ્ધ કર્યા વગર ભક્તિ થતી નથી. રાગ—દ્વેષ આત્મ સ્વરૂપના અજ્ઞાનથી થાય છે. સતત પ્રીતિપૂર્વક ભક્તિ કરવાથી અજ્ઞાન દૂર થાય, જે પ્રભુ કૃપા વિના ના બને.

ભાગવતમાં ૧૨ સ્કંધ—૩૩૫ અધ્યાય, ૧૮૦૦૦ શ્લોક બધી વિદ્યાઓ ભાગવતમાં છે. ૧૦મો સ્કંધ ભગવાનનું હૃદય છે. ૯૦ અધ્યાય છે. રાસ પંચાધ્યાયી મુખ્ય છે. ૧૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩—૩૧મો અધ્યાય શ્રેષ્ઠ છે.

વ્યાસજી વિશાળ બુદ્ધિ વાળા છે. વિકસીત કમલની લાંબી પાંખડી જેવી જેની સુંદર આંખો છે. તેઓએ મહાભારતની રચના કરી, જ્ઞાન આપી આ દીવો પ્રગટાવ્યો છે.

સામાન્ય લોકોથી સંતો ડરે છે. સાધન પરમાત્માને પ્રાપ્ત કરવા માટે છે. વાયુનો આધાર આકાશ છે. આકાશનો આધાર આત્મા છે. એ અનંત છે. બીક અજ્ઞાનથી લાગે.

શાસ્ત્ર ને પ્રવચન અંદરનું જ્ઞાન જગાડે છે. આપણા આસપાસ મનનું આવરણ છે. આનંદને પ્રગટ કરવા ભક્તિ કરવાની છે.

ગોપીઓને ભગવાને આનંદ આપ્યો કારણ તેઓ બધું છોડી દે છે. ભગવાનનો અવાજ આવે બધું છૂટી જાય તે ગોપી ભાવ છે. દિવ્ય દેહ છે. ભગવાન એક વાર દર્શન આપી દે બીજે ક્યાંય મન ન લાગે. જે મદ કરે તેને ભગવાન સીધો કરે.

માણસ જ્યારે પ્રભુ પ્રેમમાં પાગલ બને, ત્યારે પ્રભુ મળે. ગોપીઓની જેમ, આશ્રય આપે તે શ્રી, લક્ષ્ય ખેંચે તે લક્ષ્મી, જો બીજાને આશ્રય ન આપો તો તમારી પાસે શ્રી નથી. આ વાતો શ્રી લક્ષ્મેષભાઈએ કહી તેના અનુસંધાનમાં પૂ.મા લખે છેઃ—

અંતરથી આવું ગાવું પડે, અંતરથી ગોપી ભાવ જાગ્રત કરવો પડે, ભગવાન તો રાહ જોઈને ઊભા છે. કોઈ તેડે તેને, આપણે કેટલા બધાને તેડ તેડ કરીએ છીએ. પણ ભગવાન સિવાય બધાને. આપણા ઘરમાં તેને પ્રવેશવા દઈએ છીએ? તે બિચારો રાહ જોઈને ઊભો રહે, મને ક્યારે તેડશે? એ પ્રભુને તેડવા ૭૩ દિવસનું મૌન એકાંત લીધું એ મૌન એકાંતમાં આવું ગાવું પડે.

(ક્રમશઃ)

સાંઈ સિદ્ધિ ગીત (૫)

—યોગેશ્વરજી

જમવા બેઠા ભક્તો સાથે, એવામાં 'રૂક જાવ' કહ્યું;
કથન તમારું ના સમજ્યાથી, ભક્તોને આશ્ચર્ય થયું.

જમ્યા પછી મસ્જિદ મહીંથી, સામાન બધો ઉપડાવ્યો;
દિવાલ ત્યારે તૂટી પડી, 'રૂક જાવ' શબ્દ ત્યાં સમજાયો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરિયે, સ્મરણ કરીએ આજ અમે.

જડ તત્ત્વોનો પ્રભાવ તૂટે, છૂટે માયા આ જગની,
આશીર્વાદ દઈ દો અમને, સમજ પડે જડચેતનની.

★

રામનવમનો મેળો મોટો, શિરડીમાં તે દિવસ થયો;
ડોશીમાના મનમાં તમને જમાડવાનો ભાવ થયો.

મેળામાંથી બોલાવીને, રોટી તેની જમ્યા તમે;
ભાવતણાં ભૂખ્યાં છો, સાચા પ્રેમે થાવ પ્રસન્ન તમે.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ હૃદયમાં લઈ પધાર્યા, અમે તમારી પાસે આજ,
કાજ કરી દેજો સઘળાંયે, રાખી લાજ ગરીબનવાજ.

★

પ્લેગ તણી ગાંઠો ધારીને, પ્લેગ અન્યનો દૂર કર્યો,
કોલેરા દેવીને મારી, રોગતણો ભય દૂર કર્યો.

પઠાણ લાઠી લઈ મારવા આવ્યો, તેને અચલ કર્યો,
ગાડીવાન બન્યા, લોટ દળી, દુકાળનો ભય તમે હર્યો.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ જગાડો સદા હૃદયમાં, ભૂત ભયતણું દૂર કરો,
બીજાનું હિત કરવા પ્રેરો, શ્રદ્ધા ને બળ જ્ઞાન ધરો.

★

નોકરી વળી ધન આશ્રય ને, સંતાનતણી ઈચ્છાથી,
જે આવ્યાં તે તૃપ્ત થયાં જન, સ્વાસ્થ્ય લાભની ઈચ્છાથી.

આત્મલાભ કરવાને આવ્યા, તે પણ પામી લાભ ગયા,
તમને પામી ધન્ય બન્યા સૌ, પામ્યા કાશી દ્વાર ગયા.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સંપૂર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.

પ્રેમ કરીને અમે લઈએ, શરણ તમારું આ જગમાં,
રાત દિવસ તમને યાદ કરી, ધન્ય થઈએ આ જગમાં.

★

ગુરુ રૂપે દર્શન દીધાં, ને ઈષ્ટરૂપે દર્શન આપ્યાં,
સર્વ દેવરૂપે દેખાઈ, સાધકનાં કષ્ટો કાપ્યાં.

જે જે ભાવે જે આવ્યું તે, તમને પામી ધન્ય થયું,
નિરાશ પાછું ફર્યું ન કોઈ, જે આવ્યું તે ધન્ય થયું.

શક્તિ એવી દિવ્ય તમારી, યોગીવર સૂંપર્ણ તમે;
પ્રેમ કરીને વંદન કરીયે, સ્મરણ કરીએ આજ અમે.

કેટકેટલા મેઘા સુધર્યા, સંગ તમારો દિવ્ય મળ્યે;
સુધારજો અમને કે જેથી, ક્લેશ કષ્ટ પરિતાપ ટળે.

★

સમ વિભાગીય બંધૂષુઃ

પિતાની સંપત્તિ અને પોતાની સંપત્તિને ભાઈઓમાં સરખે ભાગે વહેંચનાર માણસ સતપુરુષ છે રામાયણમાં રાજગાદી દડાની માફક ઉછળે છે. રામ રાજગાદી ભરતને આપીને નીકળી જાય છે અને ભરત એ ગાદી રામને પરત આપવા માટે કરગરે છે. જ્યાં ભાઈઓના ભાગની ચિંતા પોતાના ભાગ કરતાં વધુ હોય ત્યાં **રામાયણ** થાય અને જ્યાં ભાઈઓને સોયની અણી જેટલી પણ જમીન આપવાની તૈયારી ન હોય ત્યાં **મહાભારત** થાય છે.

"મોરારી બાપુ"

પરમ સુખી થવાના ઉપાય

(પૂજ્યપાદ મહારાજ શ્રીનથુરામશર્માજી)

ઉદારતા એ સદ્‌ગુણ છે, પણ કંજુસાઈની પેઠે ઉડાઉપણું પણ અવગુણ છે. પોતાની શક્તિનો તથા યોગ્યાયોગ્યનો વિચાર કર્યાવિના જેમ તેમ, તથા ગમે ત્યાં દ્રવ્ય વાપરી નાંખનારાં માણસો ઉડાઉ કહેવાય છે. શાહુકારના કેટલાક અણસમજુ પુત્રો પિતાના મરણ પછી ઉડાઉપણે વર્તીને ખુવાર થઈ જાય છે. જેમ કંજુસાઈ ત્યજવાયોગ્ય છે, તેમ ઉડાઉપણું પણ ત્યજવાયોગ્ય છે, અને એ બેનો વચલો માર્ગ જે ઉદારતા તે ગ્રહણ કરવાયોગ્ય છે. જૂની છઠ્ઠી ચોપડીમાં ફૂલણજીની ગરબી હતી તેમાં ઉડાઉપણાનું ને તેનાં માઠાં પરિણામનું ચિત્ર ઠીક દર્શાવ્યું છે.

પાપના પૈસાથી પુણ્ય કરવું એ પુણ્ય નથી. ચોરી કરીને કે લાંચ—રુશવત લઈને ધર્માદો કરવો એ ધર્માદો નથી. એના કરતાં ચોરી ને લાંચ—રુશવતથી બચવું ને પોતાની શક્તિ ન હોય તો ધર્માદો ન કરવો તે વધારે સારું છે. સાંભળ્યું છે કે અગાઉ વાઘેરો ગામ ભાંગીને ત્યાંના બ્રાહ્મણોની કે બીજા ગામના બ્રાહ્મણોની ચોરાશી કરતાં! આમાં પુણ્ય શું? એ તો પાપ વા પુણ્યનો ખોટો દંભ છે.

મનમાં ભાવ ન હોય તો પુણ્યનો ખોટો ડોળ કાંઈ કામનો નથી. જે પુણ્ય કરવું તે પરસેવો ઊતારીને મેળવેલા પૈસાવડે વા પોતાના હકના પૈસાવડે કરવું, ને તે પણ મનના ભાવપૂર્વક કરવું. ભાવવિનાનું કરેલું દાન જોઈએ તેવા ફલને ઉપજાવતું

નથી. દાન અલ્પ કર્યું હોય પણ જો તે ભાવવડે કર્યું હોય તો તે મોટા ફલને આપે છે.

''**पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति**'' એ વચનમાં શ્રીભગવાને પત્ર, પુષ્પ, ફલ ને જલ જે મળે તે ભાવવડે અર્પણ કરવાનું જણાવ્યું છે. ઘણા દ્રવ્યવડે જ પુણ્ય થાય એમ ન જાણવું. પુણ્યમાં ભાવ—ભક્તિ—પ્રેમ—જ મોટો ભાગ ભજાવે છે. પ્રભુને ભોજન માટે **દુ**ર્યોધને ઘણો આગ્રહ કર્યો પણ પ્રભુએ તેનું આમંત્રણ ન સ્વીકાર્યું, ને **વિ**દુરજીના ઘરની ભાજી સ્વીકારી, આમાં ભાવ જ કારણરૂપ છે. વ્યવહારમાં પણ કહેવાય છે કે કસાણું મોઢું કરીને કંસાર જમાડે તો જમનારને સારો લાગતો નથી, પણ ભાવપૂર્વક સાદું ભોજન જમાડે તો તે જમનારને પ્રસન્નતા ઉપજાવે છે. શ્રદ્ધાપ્રીતિથી થોડું થાય તે પણ ઘણું છે. છતાં કહેવું જોઇએ કે **વિત્તશાઠ્ય ન કરવું. પોતાના વૈભવ ને મોભા પ્રમાણે દાનપુણ્ય કરવું.** પોતાની પાસે વિત્ત (દ્રવ્ય) છતાં તેનો સારા કામમાં બિલકુલ ઉપયોગ ન કરવો, અથવા બહુ થોડો ઉપયોગ કરવો—પોતાની શક્તિ વૈભવ ને મોભા પ્રમાણે ન વાપરતાં સંકુચિત હૃદયે બહુ થોડું વાપરવું—તે વિત્તશાઠ્ય કહેવાય છે. એવું વિત્તશાઠ્ય સારું ગણાતું નથી. જો તમને પ્રભુએ આપ્યું હોય, તો તમે આનંદથી વાપરો. તમે તમારી શક્તિ પ્રમાણે ઉદારતાથી વાપરતા રહેશો તો તેથી તમારું દ્રવ્ય ખૂટી નહિ જાય, પણ તમારા પુણ્યથી ને પ્રભુની કૃપાથી ઊલટી ઉત્તરોત્તર તેમાં વૃદ્ધિ થશે. જે વીરડો ઉલેચાય છે તેમાં નવું પાણી આવે જ છે, એ તમારાથી ક્યાં અજાણ્યું છે? તેમ જે વીરડો ઉલેચાતો નથી તેમાં કચરો ભરાય છે ને દુર્ગંધ આવે છે એ પણ તમારા અનુભવમાં હોવું જોઇએ, માટે પ્રભુને મળવા સારું તમારા અંતઃકરણની શુદ્ધિ કરવાને જો તમારા મનમાં કંજુસાઇ રહેતી હોય તો પ્રભુ ઉપર ને સત્‌શાસ્ત્ર ઉપર વિશ્વાસ રાખીને તે છોડો.

ઉપનિષદ્‌માંની એક વાર્તા. મનુષ્યો માટે દાન એ કલ્યાણનો સરલ ઉપાય છે. એક સમયે દેવનો પૂર્વજ, મનુષ્યનો પૂર્વજ ને અસુરનો પૂર્વજ એ ત્રણે પોતપોતાના કલ્યાણનો ઉપાય પૂછવા માટે બ્રહ્માપાસે ગયા. ત્રણેએ ક્રમે કરીને પૂછતાં તેમને **બ્ર**હ્માએ માત્ર **દ દ દ** એટલો જ ઉપદેશ કર્યો. આ ઉપદેશ ઉપર ત્રણેયે વિચાર કર્યો, ને તેમને તેનું રહસ્ય સમ-જાયું. **બ્ર**હ્માએ દેવના પૂર્વજને પૂછ્યું:—''**દ** ઉપરથી તમે શું સમજ્યા?'' તેણે કહ્યું:—''પ્રભો! અમે દેવો બહુ વિષયાસક્ત હોઇ ઇન્દ્રિયાધીન છીએ, માટે આપે અમને **દ**વડે **દમનો**—ઇંદ્રિયોના **નિ**ગ્રહનો ઉપદેશ કર્યો એમ હું સમજ્યો છું.'' **બ્ર**હ્માએ કહ્યું:—''બરાબર, તમે ઠીક સમજ્યા છો.'' પછી મનુષ્યના પૂર્વજને **બ્ર**હ્માએ **દ**ના સંબંધમાં પૂછતાં તેણે **બ્ર**હ્માને કહ્યું કે ''અમારી મનુષ્યની પ્રકૃતિ લોભપ્રધાન છે, તેથી **દ**વડે આપે અમને **દાનનો**—લોભના ત્યાગનો—ઉપદેશ કર્યો એમ હું સમજ્યો છું.'' **બ્ર**હ્માએ કહ્યું:—''તમે પણ યોગ્ય સમજ્યા છો.'' પશ્ચાત્ અસુરના પૂર્વજને પોતે કરેલા ઉપદેશના સંબંધમાં **બ્ર**હ્માએ પૂછતાં તેણે નમ્રપણે **બ્ર**હ્માને કહ્યું:—''અમે અસુરો લગભગ દયાહીન છીએ, તેથી આપે અમને **દ** અક્ષરવડે **દયાનો** બોધ કર્યો છે એમ મને સમજાયું છે.'' **બ્ર**હ્માએ કહ્યું:—''તમે પણ સારું સમજ્યા છો.'' શ્રુતિભગવતી કહે છે કે મુમુક્ષુઓને દમ, દાન, ને દયાનો ઉપદેશ કરવાને વર્તમાનમાં પણ **દદદ** એવી મેઘગર્જના આકાશમાં થાય છે.

''હલકે હલકે તરી ગયે, ડૂબે જિન શિર ભાર.'' દાન કરવામાં પોતાના માનેલા સંસારના પદાર્થોની મમતા ત્યજવી પડે છે. મમતાના ત્યાગવડે મનુષ્યના અંતઃકરણપરનો ભાર ઓછો થાય છે, ને તેના અંતઃકરણનો ભાર ઓછો થવાથી તેનાથી સંસારસાગર સહેલાઇથી તરી શકાય છે. લોઢાનો ગોળો બાંધીને

નદી પણ ન તરાય, તો પછી અનંત તૃષ્ણાનો ભાર જેણે પોતાને શિર લીધો હોય તે સંસારસાગર શી રીતે તરી શકે? જો મનુષ્યને સંસારસાગર તરવો હોય તો તેણે નરકના ત્રીજા દ્વારરૂપ લોભનો પરિત્યાગ કરવો જોઈએ.

૪. મદ

હવે રજોગુણજન્ય ચોથો દોષ જે મદ તે વિષે કહેવાય છે. પોતાની પાસેની માયિક વસ્તુથી મનુષ્યના મગજને બહેકાવનાર—ખોટો આવેશ આપનાર—અભિમાન કે ગર્વ કરાવનાર દોષ તે **મદ**. એ મદ ઘણા પ્રકારનો છે—દ્રવ્યનો, વિદ્યાનો, કુલનો, સત્તાનો, યૌવનનો, રૂપનો, મકાનનો ને વાહનાદિનો. એ મદ મનુષ્યના અંતઃકરણને અર્ધઘેલાજેવું રાખી તેની પાસે અકાર્ય કરાવે છે. મદ કોઈનો રહ્યો નથી. **રા**વણ કે જેણે **ઋ**ગ્વેદ ઉપર ભાષ્ય રચ્યું કહેવાય છે, એવા વિદ્વાન અને મહાપરાક્રમીનો મદ પણ રહ્યો નથી. લોકોમાં કહેવત છે કેઃ— ''અભિમાન રાજા **રા**વણનું પણ રહ્યું નથી'' તો આપણે શા હિસાબમાં? અભિમાનથી ઘણા અનર્થ થાય છે. **શ્રીતુ**લસીદાસજી કહે છે કેઃ—

''દયા ધર્મકો મૂલ હે, નરકમૂલ અભિમાન;''

એક બીજા સંત પણ કહે છે કેઃ—

''સાંઇ રૂઠ્યા દેત, દુર્બુદ્ધિ અભિમાનપદ;
ચેત રિ ચિત્ત! અચેત, પ્રકટ હને નહિ દંડસું.''

કરો ખરે સદ્‌ભાગી

—યોગેશ્વરજી

મુજ સમ કોઈ ના બડભાગી.
તમારાં ચરણોનો અનુરાગી. મુજસમ.
તરસ તમારો રસ પીવાની
મારે અંતર જાગી;
તમને મળવા માટે લગની
કૈંક દિનોથી લાગી. મુજસમ.
અશાંતિ એક તમારે માટે
અંતરપટ પર જાગી;
એક તમારા અનુરાગતણી
મંગલ વીણા વાગી. મુજસમ.
તમારા વિના કામના બધી
આશા તેમજ ત્યાગી;
સ્વપ્ન તમારાં સેવ્યાં કેવલ,
ગાળી રાત સુહાગી. મુજસમ.
સંપત્તિ મેં ધરી તમારાં
ચરણોમાં વણમાગી;
રસની લ્હાણ મળી છે મુજને,
ભીતિ બધી યે ભાગી. મુજસમ.
ભાગ્ય વધારો મારું હજુયે,
બની તમે અનુરાગી;
પાગલ કે' દર્શન આપીને
કરો ખરે સદ્‌ભાગી. મુજસમ.

મરણનું સ્મરણ યાદ રાખો.

–વિનોબા

આ આઠમા અધ્યાયમાં એવો સિદ્ધાંત રજૂ કર્યો છે કે જે વિચાર મરણ વખતે સ્પષ્ટ તેમ જ ઊંડો ઠસી ગયેલો હોય તે જ વિચાર પછીના જન્મમાં સૌથી જોરાવર ઠરે છે. એ ભાથું બાંધીને જીવ આગળની યાત્રાને માટે નીકળે છે. આજના દિવસની કમાણી લઈને ઊંઘી ઊઠ્યા પછી કાલના દિવસની આપણે શરુઆત કરીએ છીએ. તે જ પ્રમાણે આ જન્મે મેળવેલું ભાથું બાંધીને મરણની મોટી ઊંઘમાંથી ઊઠ્યા પછી ફરી પાછી આપણી યાત્રા શરુ થાય છે. આ જન્મનો અંત તે આગળના જન્મની શરુઆત બને છે. એથી હમેશ મરણનું સ્મરણ રાખી જીવનનો વહેવાર કરો.

મરણનું સ્મરણ રાખીને જીવવાની વળી વધારે જરુર એટલા માટે છે કે મરણની ભયાનકતાનો સામનો કરી શકાય; તેમની સામે તોડ કાઢી શકાય. એકનાથના જીવનનો એક પ્રસંગ છે. એક ગૃહસ્થે નાથને પૂછ્યું, "મહારાજ, તમારું જીવન કેટલું સાદું ને નિષ્પાપ! અમારું એવું કેમ નથી? તમે કદી કોઈના પર ગુસ્સે થતા નથી, તમારે કોઈ સાથે ટંટો નહીં, તકરાર નહીં. તમે કેવા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો!" નાથે કહ્યું, "મારી વાત હમણાં રહેવા દે. તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે. તારું આજથી સાત દિવસ રહીને મરણ છે." નાથે કહેલી વાત ખોટી કોણ માને? સાત દિવસ રહીને મરવાનું! ફક્ત એકસો ને અડસઠ કલાક બાકી! અરેરે! હવે શું થાય? તે માણસ ઝટપટ ઘેર ગયો. તેને કંઈ સૂઝે નહીં. બધી મેલમૂકની વાત,

સોંપણનોંધણ પણ કરવા માંડી. પછી તે માંદો પડ્યો. પથારીએ પડ્યો. છ દહાડા એમ ને એમ જતા રહ્યા. સાતમે દહાડે નાથ તેની પાસે આવ્યા. તેણે નમસ્કાર કર્યા. નાથે પૂછ્યું, "કેમ છે?" તેણે કહ્યું, "જાઉં છું હવે." નાથે પૂછ્યું, "આ છ દિવસમાં કેટલું પાપ થયું? પાપના કેટલા વિચાર મનમાં ઊઠ્યા?" તે આસન્નમરણ માણસે જવાબ આપ્યો, "નાથ! પાપનો વિચાર કરવાનો વખત જ ક્યાં હતો? નજર સામે મરણ એકસરખું ઘૂમ્યા કરતું હતું." નાથે કહ્યું, "અમારું જીવન નિષ્પાપ કેમ હોય છે તેનો જવાબ તને હવે મળી ગયો." મરણનો વાઘ હમેશાં સામે ઘૂરકતો ઊભો હોય ત્યારે પાપ કરવાનું સૂઝે ક્યાંથી? પાપ કરવું હોય તો તેને માટે પણ એક જાતની નિરાંત જોઈએ. મરણનું હમેશ સ્મરણ રાખવું એ પાપમાંથી મુક્ત રહેવાનો ઈલાજ છે. મરણ સામું દેખાતું હોય ત્યારે કઈ હિંમતે માણસ પાપ કરશે?

પણ મરણનું સ્મરણ માણસ હંમેશ ટાળતા ફરે છે. પાસ્કલ નામનો એક ફ્રેંચ ફિલસૂફ થઈ ગયો છે. તેનું '**પાંસે**' નામનું એક પુસ્તક છે. **પાંસે** એટલે વિચાર. જુદા જુદા સ્ફુટ વિચારો એ પુસ્તકમાં તેણે રજૂ કર્યા છે. તેમાં તે એક ઠેકાણે લખે છે. "મૃત્યુ સતત પીઠ પાછળ ઊભું છે પણ મૃત્યુને ભૂલવું કેવી રીતે તેના પ્રયાસમાં માણસ કાયમ મંડ્યો રહે છે. મૃત્યુને યાદ રાખીને કેમ વર્તવું એ વાત તે નજર સામે રાખતો નથી." માણસથી મરણ શબ્દ સુધ્ધાં સહેવાતો નથી. જમતી વખતે કોઈ મરણ શબ્દનો ઉચ્ચાર કરે તો કહે છે, 'અરે! કેવું અભદ્ર બોલે છે!' પણ તેમ છતાં, મરણ તરફની મજલ હરેક પગલે અચૂક કપાતી જાય છે.

મુંબઇની ટિકિટ કપાવીને એક વાર રેલગાડીમાં બેઠા પછી તમે બેઠા રહેશો તો પણ ગાડી તમને મુંબઇમાં લઇ જઇને નાખશે. આપણે જન્મ્યા ત્યારથી જ મરણની ટિકિટ કપાવેલી છે. તમારે જોઇએ તો બેસો કે દોડો. બેઠા રહેશો તો પણ મૃત્યુ છે, દોડશો તો પણ મૃત્યુ છે. તમે મરણના વિચારને પકડી રાખો કે છોડી દો પણ તે ટાળ્યો ટળતો નથી. બીજું બધું કદાચ અનિશ્ચિત હોય પણ મરણ નિશ્ચિત છે. સૂર્ય અસ્ત પામે છે તેની સાથે માણસના આવરદાનો એક કકડો ખાતો જાય છે. જીવનના ટુકડા એક પછી એક કરડાતા જાય છે. આવરદા ઘસાતી જાય છે, ઘટતી જાય છે તો પણ માણસને તેનો વિચાર આવતો નથી. જ્ઞાનદેવ કહે છે, **कौतुक दिसतसे**—કૌતુક દેખાય છે. માણસને આટલી નિરાંત ક્યાંથી રહે છે એ વાતનું જ્ઞાનદેવને આશ્ચર્ય થાય છે. મરણનો વિચાર સુધ્ધાં સહન ન થાય એટલી હદ સુધી માણસને મરણનો ડર લાગે છે. એ વિચારને તે ટાળતો ફરે છે. જાણીબૂજીને તે આંખ મીંચી જાય છે. લડાઇમાં જનારો સિપાઇ મરણનો વિચાર ટાળવાને સારુ રમતગમત કરશે, નાચશે, ગાશે, સિગારેટ પીશે. પાસ્કલ લખે છે, ‘પ્રત્યક્ષ મરણ સામે દેખાતું હોવા છતાં આ ટૉમી, આ સિપાઇ તેને વીસરી જવાને માટે ખાશે, પીશે ને રાગડા તાણશે.’

આપણે બધા આ ટૉમી જેવા જ છીએ. ચહેરો ગોળ, હસતો રાખવાના, સૂકો હોય તો તેલ, પોમેડો લગાડવાના. વાળ પાકીને ધોળા થઇ ગયા હોય તો કલપ લગાડવાના પ્રયાસોમાં માણસ મંડ્યો રહે છે. છાતી પર સાક્ષાત્ મૃત્યુ નાચતું હોવા છતાં તેને વિસારે પાડવાની કોશિશમાં આપણે બધા ટૉમીઓ જરાયે થાક્યા

વગર મંડ્યા રહીએ છીએ. બીજી ગમે તે વાત કરશે પણ કહેશે મરણનો વિષય છેડશો મા. મેટ્રિક પાસ થયેલા છોકરાને પૂછશો, ‘હવે શું કરવા ધાર્યું છે?’ તો તે કહેશે ‘હમણાં પૂછશો મા. હમણાં ફર્સ્ટ ઇયરમાં છું.’ પછીને વર્ષે પાછું પૂછશો તો કહેશે, ‘પહેલાં ઇન્ટર તો પાસ થવા દો; પછી આગળ જોઇશું.’ એમ ને એમ તેનું ગબડે છે. આગળ શું છે તે પહેલેથી જોવું નહીં જોઇએ કે? આગળના પગલાની પહેલેથી તજવીજ કરી રાખવી સારી, નહીં તો તે ક્યાંક ખાડામાં નાખી દેશે. પણ વિદ્યાર્થી એ બધું ટાળે છે. એ બિચારાનું શિક્ષણ જ એવું અંધકારમય હોય છે કે તેમાંથી પેલી પારનું ભવિષ્ય તેને મુદ્દલ દેખાતું નથી. કારણ બધું જ અંધારું ઘોર છે. પણ એ આગળનું એમ ટાળી શકાતું નથી. તે બોચી પર આવીને બેઠા વગર રહેતું નથી.

કોલેજમાં પ્રોફેસર તર્કશાસ્ત્ર શીખવે છે. ‘માણસ મર્ત્ય છે. સૉક્રેટિસ માણસ છે. એટલે તે અચૂક મરવાનો.’ આવું અનુમાન પ્રોફેસર શીખવે છે. સૉક્રેટિસનો દાખલો આપે છે. પોતાનો કેમ નથી આપતો? પ્રોફેસર પોતે પણ મર્ત્ય છે. બધાં માણસ મર્ત્ય છે, માટે હું પ્રોફેસર પણ મર્ત્ય છું અને હે શિષ્ય, તું પણ મર્ત્ય છે, એવું તે પ્રોફેસર શીખવશે નહીં. તે એ મરણને સૉક્રેટિસને માથે ધકેલી દે છે. કારણ સૉક્રેટિસ મરી પરવારેલો છે. તે તકરાર કરવાને હાજર નથી. શિષ્ય ને ગુરુ બંને સૉક્રેટિસને મરણ અર્પણ કરી પોતાની બાબતમાં **तेरी भी चूप, मेरी भी चूप** જેવા રહે છે. તેમને જાણે એવું લાગે છે કે આપણે અત્યંત સલામત છીએ!

મૃત્યુને વીસરી જવાનો આવો આ પ્રયાસ સર્વત્ર રાત ને

દિવસ જાણીબૂજીને ચલાવાય છે. પણ મૃત્યુ ટળે છે ખરું કે? કાલે મા મરી ગઇ એટલે મૃત્યુ સામું આવીને ડોળા ઘુરકાવતું ઊભું જાણો. નિર્ભયપણે મરણનો વિચાર કરી તેનો તોડ કાઢવાની માણસ હિંમત કરતો જ નથી. હરણની પાછળ વાઘ પડ્યો છે. હરણું ચપળ છે. તેનું જોર ઓછું પડે છે. તે આખરે થાકી જાય છે. પાછળ પેલો વાઘ, પેલું મરણ આવતું હોય છે. તે ક્ષણે તે હરણની કેવી સ્થિતિ થાય છે? વાઘ તરફ તેનાથી જોઇ શકાતું નથી. જમીનમાં મોં ને શિંગડાં ખોસી તે આંખ મીંચીને ઊભું રહે છે. 'આવ ભાઇ ને માર હવે ઝડપ' એમ જાણે કે તે નિરાધાર થઇને કહે છે. આપણે મરણને સામું જોઇ શકતા નથી. તેને ચૂકવવાની ગમે તેટલી તરકીબો કરો તો પણ મરણનું જોર એટલું બધું હોય છે કે છેવટે તે આપણને પકડી પાડ્યા વગર રહેતું નથી.

અને મરણ આવે છે એટલે માણસ જીવનની સિલક તપાસવા બેસે છે. પરીક્ષામાં બેઠેલો આળસુ ઠોઠ વિદ્યાર્થી ખડિયામાં કલમ બોળે છે ને બહાર કાઢે છે. પણ ધોળા ઉપર કાળું થવા દે તો શરત. અલ્યા, થોડુંયે લખીશ કે નહીં? કે પછી સરસ્વતી આવીને બધું લખી જવાની છે? આમ ને આમ, ત્રણ કલાક પૂરા થઇ જાય છે. તે કોરો પેપર આપી આવે છે. અથવા છેવટે કંઇકનું કંઇક ચીતરી મારે છે. સવાલના જવાબ લખવાના છે. એનો કશો વિચાર નથી. આમ જુએ છે ને તેમ જુએ છે. એવું જ આપણું છે. જીવનનો બીજો છેડો મરણને અડે છે એ વાત ખ્યાલમાં રાખી તે છેવટની ઘડી પુણ્યમય, અત્યંત પાવન, રૂડી કેવી રીતે થાય એનો અભ્યાસ આયુષ્યભર રાખવો જોઇએ.

ઉત્તમમાં ઉત્તમ સંસ્કાર મન પર કેમ ઠસે એનો વિચાર આજથી જ થવો જોઇએ. પણ સારા સંસ્કારનો અભ્યાસ કોને કરવો છે? બૂરી વાતોનો મહાવરો માત્ર ડગલે ને પગલે થયા કરે છે. જીભ, આંખ, કાન એને આપણે સ્વાદ લગાડી લગાડી બહેકાવી મૂકીએ છીએ. પણ ચિત્તને જુદો મહાવરો પાડવો જોઇએ. સારી વાતો તરફ ચિત્તને દોરવું જોઇએ, તેનો તેને રંગ લગાડવો જોઇએ. જે ક્ષણે સમજાય કે આપણી ભૂલ થાય છે તે જ ક્ષણથી સુધારો કરવા મંડી પડવું જોઇએ. ભૂલ જણાય છતાંયે તે પાછી કર્યા કરવી? જે ક્ષણે ભૂલ સમજાય તે ક્ષણ પુનર્જન્મની ગણો. તે તારું નવું બાળપણ. તે તારા જીવનની બીજી નવી સવાર છે એમ સમજ. હવે તું ખરો જાગ્યો. હવે રાત ને દિવસ જીવનનું પરીક્ષણ કર, સંભાળીને ચાલ. એમ નહીં કરે તો પડીને પાછો અફળાઇશ, પાછો બૂરાનો અભ્યાસ ચાલુ થઇ જશે.

ઘણાં વરસ પહેલાં હું મારી દાદીને મળવા ગયો હતો. તે ખૂબ ઘરડી થઇ ગઇ હતી. તે મને કહે, 'વિન્યા, હમણાંનું કશું યાદ નથી રહેતું, ઘીનું વાસણ લેવાને જાઉં છું પણ લીધા વગર જ પાછી આવું છું.' પણ પચાસ વરસ પહેલાંની દાગીનાની એક વાત તે મને કહ્યા કરે. પાંચ મિનિટ પહેલાંનું યાદ રહેતું નથી. પણ પચાસ વરસ પહેલાંનો જોરાવર સંસ્કાર છેવટ સુધી જાગતો સતેજ રહે છે. એનું કારણ શું? પેલી દાગીનાની વાત ત્યાર સુધીમાં તેણે હરેક જણને કરી હશે, તે વાતનો કાયમ ઉચ્ચાર ચાલુ રહ્યો હતો. તે વાત જીવનને ચોંટી ગઇ, જીવન સાથે એકરૂપ થઇ ગઇ. મેં મનમાં કહ્યું, ઈશ્વર કરે ને મરણ વખતે દાદીને દાગીના યાદ ન આવે એટલે થયું.

વિજ્ઞાન ઉપર પણ કોઈ શક્તિ છે જે કદીક શ્રદ્ધાથી કામ કરે છે

—ડૉ.શરદ ઠાકર

આઇસક્રીમની એક વેરાઈટી આવે છેઃ થ્રી ઈન વન. આજે ડો.ની ડાયરીનો એપિસોડ પણ થ્રી—ઈન—વન જેવો છે.

'વિજ્ઞાન અને શ્રદ્ધા એ બેમાંથી મારે જો એક ચીજ પસંદ કરવાની આવે તો હું વિજ્ઞાનને જ પસંદ કરું.' સિત્તેરના દાયકામાં આ મારું ફેવરિટ વાક્ય હતું. ત્યારે હું મેડિકલ કોલેજમાં ભણતો હતો. એનેટોમીના પાશ્ચાત્ય ડોક્ટરોએ લખેલાં થોથાં વાંચીને મને લાગતું હતું કે માનવદેહનાં તમામ રહસ્યો મેં સમજી લીધાં છે. પેથોલોજી ભણતી વખતે જ મને એ પણ સમજાઇ ગયું હતું કે કર્મફળ, પાપપુણ્ય, ઋણાનુબંધ અને પૂર્વજન્મ કે પુનર્જન્મ જેવું કશુંયે હોતું જ નથી, જો કંઇ હોય છે તો એ માત્ર બેક્ટેરિયા અને વાઈરસના ચેપને કારણે મળતું પરિણામ જ હોય છે.

સર્જરી, મેડિસિન અને ગાયનેકના અભ્યાસે મને એક નવી વાત શીખવી દીધીઃ 'કોઇ પણ મનુષ્યનું આયુષ્ય પહેલેથી નિર્ધારિત નથી હોતું. ભગવાન જેને પચાસમાં વરસે ઉપર બોલાવી લેવા માગતો હોય તેને ડૉક્ટર એંશી વર્ષ સુધી પૃથ્વી પર રાખી શકે છે.'

હું દૃઢપણે એવું માનતો હતો કે ભગવાન જેવું કંઇ છે જ નહીં, એ માનવીની કલ્પનામાત્ર છે. પછી કાગળનાં થોથાંની દુનિયામાંથી હું પ્રેક્ટિકલ વિશ્વમાં આવી ગયો. અભ્યાસમાંથી

અનુભવોની દુનિયામાં આવ્યો. હું કબૂલ કરું છું કે મારા મેડિકલ સાયન્સના જ્ઞાન વડે આજ સુધીમાં મેં હજારો બીમાર દર્દીઓને સાજા કર્યા છે, પણ ક્યારેક એવી ઘટનાઓ પણ બની છે જ્યાં મારું દિમાગ ચકરાઇ ગયું છે. હું આજ સુધી સમજી શક્યો નથી કે આવું કેવી રીતે બન્યું હશે? મારું વિજ્ઞાન મને એટલી હદે અહંકારી બનાવી દે છે કે દેખીતી રીતે અસંભવ એવી ઘટનાઓમાંથી પણ તાણીતૂસીને કોઇ તાર્કિક ખુલાસો હું શોધી કાઢું છું; પણ હું ખોંખારીને એવું નથી કહો શકતો કે એ સાચું જ હશે.

પહેલી ઘટના ૧૯૮૯ની છે. બપોરનો એક વાગ્યો હતો. હું કન્સલ્ટિંગ પૂરું કરીને જઇ રહ્યો હતો. મારો નવજાત દીકરો ગંભીર હાલતમાં બાળકોના ડૉક્ટરના આઇ.સી.યુ.માં જિંદગી માટે ઝઝૂમી રહ્યો હતો. મારે પવનની ઝડપે એની પાસે પહોંચવાનું હતું. હું કારમાં બેસવા જતો હતો ત્યાં જ એક અત્યંત ગરીબ મુસલમાન દંપતી સામેથી આવતું દેખાયું. પુરુષને લાગ્યું હશે કે હું જ ડૉક્ટર છું. એણે પૂછ્યું, 'સા'બ! આપ જા રહે હૈં? હમ આસ્ટોડિયા સે આયે હૈં.

'સોરી! આપને દેર કર દી. અબ કલ આના.' મેં ચાવીથી એન્જિન સ્ટાર્ટ કરતાં કહી દીધું.

સ્ત્રી બોલી પડી, 'અરે, સા'બ! હમ જૈસે ગરીબ પે રહેમ કીજિયે ના! હમારે પાસ સિટી બસ કે ભી પૈસે નહીં હૈ. પૈદલ ચલ કર આયે હૈ. પૈદલ વાપસ જાયેંગે. કલ ફિર સે?'

'તો મૈં ક્યા કરું?' મારું મન મારા દીકરામાં હતું. એ સ્ત્રી અજાણતાં જ બોલી ગઇ, 'ઐસા મત કરો, સા'બ. રહેમ કરો. અલ્લાહ આપકે બચ્ચે કો લંબી ઉમ્ર દે!'

હું ચાવી ઘુમાવતાં અટકી ગયો. આવી દુવાની જ તો મારે જરુર હતી. બહાર નીકળીને મેં કહ્યું, 'હું પાછો દવાખાનામાં તો નહીં જઇ શકું. અહીં જ કહી દો; તમે શેના માટે આવ્યાં છો?'

એ સ્ત્રીનું નામ નૂરબાનુ. એણે મેલાં કપડાંની થેલીમાંથી બે એક્સ–રેના ફોટાઓ કાઢીને મને આપી દીધા.(ત્યારે હજુ સોનોગ્રાફીનું આજના જેવું ચલણ ન હતું.)

'સા'બ, હમારી કોઇ ઔલાદ નહીં હૈ. યે ફોટું દેખિયે ના! આપકા નામ સૂના હૈ. બડી ઉમ્મીદ લેકર આયે હૈ. એ બોલ્યે જતી હતી. હું એક્સ–રેની રિપોર્ટ વાંચી રહ્યો હતો. એમાં લખ્યું હતું : ગર્ભાશયનો ટી.બી. હોય એવું લાગે છે. બંને બાજુઓની ફેલોપિયન ટ્યૂબ્ઝ બંધ છે. (અને બીડેડ એપિયરન્સવાળી છે.)

મેં કહી દીધુંઃ 'બહેન, માફ કર. તને ગર્ભ રહે તેવી કોઇ જ શક્યતા આ રિપોર્ટમાં દેખાતી નથી.'

'સરકારી દાગતરને ઐસા હી બોલ દિયા હૈ, સા'બ. ફિર ભી આપ કોઇ દવા લિખ દો ના! હમને આપકા નામ બહુત સૂના હૈ. પૂરા યકીન લેકર આયે હૈ.'

નૂરબાનુ દેખાવમાં જ ટી.બી.ની દર્દી જણાતી હતી. એનો રોગ એનાં ગર્ભાશય અને નળીઓ સુધી પણ પહોંચી ગયો હતો. એને શું દવા લખી આપું? પણ મારે ઉતાવળ હતી. એને ટાળવાના એકમાત્ર આશયથી મેં બાજુમાં પડેલા કચરાના ઢગલામાંથી એક કાગળનો ટુકડો ઉઠાવ્યો. સાવ સસ્તી ગોળીઓ લખી આપી અને કહી દીધું, 'જાવ, આવતા મહિને આવજો.'

નૂરબાનુ અને એનો પતિ એક મહિના પછી પાછાં આવ્યાં, પણ મારા મેડિકલ સાયન્સનાં પુસ્તકોનો ભુક્કો બોલાવી નાખવા

માટે જ આવ્યાં. નૂરબાનુ ગર્ભવતી હતી!

★★★

આજથી સાત સાડા સાત વર્ષ પહેલાંની ઘટના. ખેડા જિલ્લાના એક સાવ નાના ગામડામાંથી એક પતિ–પત્ની સારવાર માટે આવ્યાં. સાવ ગરીબ પણ ન હતાં; એટલા બધા પૈસાદાર પણ ન હતાં.

'સાહેબ, મારી ઘરવાળીને માસિક આવતું નથી.' પતિએ મારી પાસે આવવાનું પ્રયોજન જણાવ્યું.

સાથે એકાદ ફાઇલ હતી. મેં રિપોર્ટ્સ વાંચ્યા. શી વોઝ એ કેસ ઓફ પ્રાઇમરી ઓવેરિયન ફેઇલ્યોર. સોનોગ્રાફીનો રિપોર્ટ્સ તેમજ હોર્મોન્સના રિપોર્ટ્સ પણ ફાઇલમાં સામેલ હતા.

મેં એ ગ્રામીણ દંપતીને સમજાય તેવી ભાષામાં સમજાવ્યું, 'ભાઇ, તારી ઘરવાળીનો કેસ ભાગ્યે જ જોવા મળે તેવો છે. સામાન્ય રીતે કોઇ પણ બાળકી જ્યારે જન્મે છે ત્યારે એનું ગર્ભાશય, અંડાશય વગેરે સાવ નાનું હોય છે; પણ એ જ્યારે કિશોરવસ્થામાં પગ મૂકે છે ત્યારે એનો ક્રમશઃ વિકાસ થવા લાગે છે. છોકરીના દેહમાં હોર્મોન્સના પ્રમાણમાં ફેરફાર થવા માંડે છે જેની અસર અંડાશયો અને ગર્ભાશય ઉપરાંત દેહના બીજા ઘણાં ભાગો પર વર્તાવાનું શરુ થાય છે. માસિકધર્મ એ તો એમાંનું એક ચિહ્ન જ છે.'

'પણ મારી ઘરવાળી તો પચીસ વરહની થવા આવી!'

'હા, પણ શારીરિક ફેરફારોના અભાવે એનું ગર્ભાશય વગેરે હજુ નવી જન્મેલી બાળકીના જેવું જ છે. એના દેહનો જરુરી વિકાસ થયો જ નથી; માટે...'

'તો પછી એને બાળક નહીં થાય?', 'ના, જો આવું ને આવું જ રહ્યું તો ક્યારેય નહીં થાય. હું ગોળીઓ લખી આપું ત્યાં સુધી કૃત્રિમ રીતે માસિકસ્રાવ આવશે, પણ દવા બંધ કરશો એટલે પાછું બધું જેમનું તેમ.'

'તો અમારે સંતાનની આશા છોડી જ દેવાની?'

'મારું સાયન્સ તો એમ જ કહે છે; પણ એક આસ્તિક માણસ તરીકે કહું છું કે ભગવાન ઉપરની શ્રદ્ધા ક્યારેય ન છોડશો. માત્ર બાળક માટે બીજાં લગ્ન ન કરશો. દુનિયામાં ઘણાં દંપતીઓ નિઃસંતાન હોય છે. તમે ભવિષ્યમાં બાળક દત્તક પણ લઈ શકો છો. વળી, તમારી ઘરવાળીમાં અચાનક મોડે મોડે પણ હોર્મોનલ ફેરફાર થઈ શકે છે. કુછ ભી હો સકતા હૈ.' હું જાણીજોઈને આશ્વાસન આપી રહ્યો હતો; એ કેસમાં ખરેખર એવું બનવાની શક્યતા નહીંવત્ હતી.

આજે એ જ સ્ત્રીને એની પોતાની કૂખે જન્મેલાં ત્રણ સંતાનો છે. બે દીકરીઓ અને એક દીકરો. એ બંને રૂબરુમાં આવીને મારો આભાર માની ગયાંઃ 'સાહેબ, તમારી વાત સાચી પડી હોં!' હું બબડી લઉં છુંઃ 'મારી વાત સાચી પડી પણ મારું વિજ્ઞાન ખોટું પડ્યું.'

★★★

ત્રીજી ઘટના તાજેતરની છે. ગોંડલનો એક યુવાન. મારી પાસે આવીને કહેઃ 'સર, મારાં બહેન–બનેવી વડોદરામાં રહે છે. એમને લઈને આવ્યો છું.', 'ક્યાં ગોંડલ? ક્યાં વડોદરા? ક્યાં અમદાવાદ? આવો ત્રિવેણી સંગમ ઊભો કરવાનું કારણ શું?', 'બહેન નિઃસંતાન છે. વડોદરાના ચાર–પાંચ

ગાયનેકોલોજિસ્ટને બતાવ્યું. ખૂબ પૈસા ખર્ચી નાખ્યા. આઈ.યુ.આઈ.ના ચાર સાઈકલ્સ કરાવ્યા. આઈ.વી.એફ.ના પણ બે સાઈકલ્સ પૂરા કર્યા. કોઈ પરિણામ નથી મળ્યું.', 'તો હું શું કરી શકવાનો?', 'તમારાથી જે થાય તે, સાહેબ. હું વર્ષોથી તમને વાંચું છું. મને તમારા પર શ્રદ્ધા છે.', 'શ્રદ્ધા એની જગ્યાએ બરાબર છે ભાઈ, પણ પરિણામ તો સારવારથી મળે છે. લાવ, એમને જોઈને હું કંઈક વિચારું.'

મેં કહ્યું એ બહાર ગયો. બહેન–બનેવીને અંદર મોકલ્યાં. મેં ફાઈલો વાંચી લીધી. પતિ–પત્ની બંનેમાં કુલ ચાર જગ્યાએ ખામીઓ હતી. મારે તો બીજા ડૉક્ટરના રિપોર્ટ્સના આધારે નિદાન કરવાનું હતું. મેં પેલા યુવાનને બોલાવીને કહ્યું, 'મેડિકલ સાયન્સ બધે એકસરખું જ હોય છે. તારી બહેનનો લેપ્રોસ્કોપીનો રિપોર્ટ્સ અને બનેવીનો સીમેન રિપોર્ટ (થોડોક કમીયુક્ત) જોયા પછી હું એટલું જ કહું છું કે આઈ.વી.એફ. વગર પરિણામ નહીં જ મળે.'

'પણ એ તો એમણે બે વાર...', 'હા, પણ જ્યાં સારવાર કરાવી છે એની ગુણવત્તા વિષે હું કંઈ ન કહી શકું. અમારા અમદાવાદમાં પણ પચાસ ડૉક્ટરો આઈ.વી.એફ.ટ્રીટમેન્ટ આપે છે. એમના દાવાઓ પણ મોટા હોય છે, પણ મને એક જ સેન્ટર પર વિશ્વાસ છે. સાવ રિઝનેબલ ખર્ચામાં સૌથી વધુ સફળતાની ટકાવરી.'

'ભલે, સર! તમે અમને ચીઠ્ઠી લખી આપો. અમે ત્યાં જઈશું. અમને તમારી ઉપર સંપૂર્ણ ભરોસો છે.'

મેં ચીઠ્ઠી લખી આપી અને કહ્યું, 'આ મહિને તો હવે નહીં જઈ શકો. આવતા મહિનાથી સારવાર શરુ કરાવજો.'

હમણાં ચાર–પાંચ દિવસ પહેલાં જ ગોંડલથી એ વાચક યુવાનનો ફોન આવ્યો. ઉત્સાહ અને ઉલ્લાસથી છલકાતો અવાજ હતો, 'સર, મારી બહેન પ્રેગ્નન્ટ છે. હજુ અમે ક્યાંય સારવાર માટે ગયા નથી. માત્ર તમારા ક્લિનિકમાં પગ મૂક્યો અને...! હું નહોતો કહેતો કે તમારા હાથમાં જશરેખા છે?!' હું વિચારમાં પડી જાઉં છું. મારી ૩૦–૩૧ વર્ષની કારકિર્દીમાં અનેક દર્દીઓ એવા આવ્યા છે જેમને અશક્ય પરિસ્થિતિમાં નગણ્ય સારવાર આપવાથી સારું પરિણામ મળ્યું છે; તો એવા દર્દીઓ પણ આવ્યા છે જેમને સાવ સામાન્ય તકલીફ હતી તો પણ સારામાં સારા પ્રયત્નો પછી પણ જોઈતું પરિણામ નથી મળ્યું. હું વિજ્ઞાનનો માણસ છું એટલે 'ચમત્કાર' શબ્દ પર મને વિશ્વાસ નથી; પણ એટલું અવશ્ય કહીશ કે ક્યારેક વિશ્વાસ, શ્રદ્ધા, જશરેખા જેવા શબ્દો સાચા પડી જાય છે. મેડિકલ અભ્યાસના સિલેબસની બહાર પણ કશુંક અજાણ્યું તત્ત્વ છે જે હજુ માણસો સમજી શક્યા નથી. કદાચ એને જ ઈશ્વર કહેતા હશે!

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

અમરનાથની કૃપા

—યોગેશ્વરજી

કાશ્મીરના દિવ્ય સ્થાન અમરનાથનું દર્શન કરવાનો સોનેરી અવસર જેના જીવનમાં પ્રાપ્ત થયો છે તે સારી પેઠે જાણે છે કે એ સ્થાન કેટલું બધું સુંદર અને અલૌકિક છે. એ સ્થાનની યાત્રા એ જીવનનો એક મોટામાં મોટો લહાવો છે, જો કે એ યાત્રા કઠિન છે, તો પણ એનો આનંદ ઓર જ છે, એમાંય ભારે પરિશ્રમ પછી યાત્રી અમરનાથ પહોંચે છે ને ત્યાંની પર્વતીય ગુફામાં શ્રાવણ સુદ પૂનમે બનતા બરફના શિવલિંગનું દર્શન કરે છે, ત્યારે તો તેને એમ જ લાગે છે કે, જીવન ધન્ય બની ગયું. ઊંચા ઊંચા બરફથી છવાયેલા પહાડ, સામે નદી, ને ગુફામાં બરફનું લિંગ, એ બધું જોઈને એ મુગ્ધ જ બની જાય છે. ઈશ્વરની લીલાનો વિચાર કરીને એ સ્તબ્ધ બને છે.

અમે પણ અમરનાથનાં અદ્ભુત દૃશ્ય કરીને ધન્ય બની ગયા.

અમરનાથની ગુફામાં બેસી થોડો વખત સુધી અમે પ્રાર્થના કરી અને પછી નીચે આવવા નીકળી પડ્યા. પંચતરણી પહોંચતાં પહોંચતાં તો એટલો બધો વરસાદ પડ્યો કે અમારાં બધાં જ કપડાં પલળી ગયાં. ઉતારા પર તંબુમાં આવી અમે કપડાં બદલ્યાં. થાક લાગ્યો હોવાથી આરામ કર્યો પછી વિચાર કર્યો હવે બહાર જઈ કાંઈ ખાવાનું મળતું હોય તો લાવીએ.

બહાર આવીને જોયું તો લગભગ પોણા ભાગના તંબુવાળા વહેલા વહેલા ઘેર પહોંચવા માટે શેષનાગ તરફ વિદાય થઈ

ગયા હતા. જે તંબુવાળા પૂરી ને શાક વેચતા હતા તે પણ ન હતા. હવે શું કરવું? અમને ખૂબ જ નિરાશા થઇ. એક તો આટલી બધી ઘોર ઠંડી ને બીજી ભૂખ. એટલે ખોરાકની ઇચ્છા થાય તે સ્વાભાવિક હતું. ભૂખે પેટે તો વખત પણ ન જાય. પણ હવે કરવું શું? એક તંબુ પાસેથી પસાર થતી વખતે, તંબુ બહાર ઉટકવા મૂકેલાં વાસણમાં મેં દાળ ને ભાતના દાણા જોયા. તે જોઇને મને થયું—દાળ ને ભાત ખાધે કેટલોય વખત થઇ ગયો છે. આટલી બધી ઠંડીમાં ગરમાગરમ દાળભાત મળે તો કેટલી મજા પડે? પરંતુ દાળભાત લાવવાં ક્યાંથી? મને થયું આવા સંજોગોમાં જો દાદા કૃપા કરે તો જ કશુંક બની શકે; નહીં તો આજની રાત ભૂખ્યા જ પડી રહેવું પડશે.

પણ ઈશ્વરે ક્યારે કૃપા નથી કરી? જેણે એને સાચા દિલથી ને ખૂબ ભક્તિભાવે યાદ કર્યા છે, તેના પર એની કૃપા જરુર થઇ છે. કોઇકવાર એ કૃપામાં વિલંબ થયો હશે તે ભલે, પરંતુ કૃપા નથી થઇ એવું તો ભાગ્યે જ બન્યું છે. જે એને યાદ કરે છે, એનું સાચા દિલથી શરણ લે છે, તેની સંભાળ એ રાખે જ છે. એ મારો વિશ્વાસ સાચો ઠર્યો.

વાત એમ બની કે છેલ્લા તંબુ આગળ અમે ઊભા હતા ત્યાં જ એક કાશ્મીરી જેવો દેખાતો માણસ મારી પાસે આવ્યો અને મને હાથ જોડી કહેવા માંડ્યો કે આપ ભોજન કરોગે?

મને નવાઇ લાગી. આવા સ્થાનમાં વળી ભોજન કોણ કરાવે? કે પછી આ ભાઇ અમારી મશ્કરી કરે છે? જો કે એમના હાવભાવ તથા પોષાક પરથી એ સજ્જન ને ગૃહસ્થ દેખાતા હતા, એટલે એ અમારી મશ્કરી કરે છે એવી શંકાને કોઇ કારણ ન હતું. છતાં એવો વિચાર મને આવી ગયો.

ત્યાં તો એમણે ફરી પૂછ્યું : 'ક્યા આપ ભોજન કરોગે? મેરે પાસ ભોજન હૈ.'

મેં કહ્યું : 'હું એકલો નથી. મારી સાથે જે ભાઇ છે તે ભૂખ્યા રહે ને હું એકલો ભોજન કરું તે મને પસંદ ન પડે, એટલે બંનેને ભોજન કરાવી શકો તેમ હો તો હું આવું.'

પણ તે ગૃહસ્થે કહ્યું : 'ભોજન પૂરતું છે. માટે તમે બંને આવો.'

હવે મેં તેમને કહ્યું : 'અમે બધાં મળીને ત્રણ છીએ. તંબુમાં મારાં માતાજી પણ બેઠાં છે.'

તે ભાઇએ હસતાં—હસતાં કહ્યું : 'તમે ત્રણે આવો.'

પછી એ ભાઇ એમને પોતાના તંબુમાં લઇ ગયા. તંબુ એટલો બધો મોટો હતો કે વાત નહીં. અંદર લઇ જઇ અમને તેમણે ધાબળાના આસન પર બેસાડ્યાં. એક બાજુ સત્યનારાયણની કથા થતી હતી અને કથા સાંભળવા કેટલાય લોકો બેઠા હતા. મને થયું કે, આટલા બધા માણસો અહીં ક્યાંથી આવ્યા? તે ભાઇએ મારી જીજ્ઞાસા જાણી લીધી હોય તેમ કહ્યું : 'ભેગાં થયેલા બધા લોકો મારા સંબંધી છે.'

થોડા વખતમાં તો કથા પૂરી થઇ. એ ગૃહસ્થે અમારી આગળ પાસેના ચૂલા પરની તપેલીમાંથી દાળ ને ભાત કાઢી પીરસેલી ભોજનની થાળીઓ મૂકી અને હાથ જોડી અમને જમવાનું કહ્યું. કેટલી બધી નમ્રતા ને સરલતા? થાળીમાં દાળભાત જોઇને મને બહુ આનંદ થયો. જે ઇચ્છા હતી, તે ઈશ્વરે પૂરી કરી એમ જાણીને હૈયું ભરાઇ આવ્યું.

અમે જમી રહ્યા પછી તે ભાઇએ પોતાને હાથે જ અમારાં

વાસણ ઉટકી નાખ્યાં. વાસણ નોકર હોવા છતાં તેમની પાસે ઉટકાવાને બદલે પોતે જ ઉટક્યાં, અને અમારી પાસે પણ ન ઉટકાવ્યાં. અમે ઘણો આગ્રહ કર્યો ત્યારે કહ્યું : 'મારું એવું ભાગ્ય ક્યાંથી કે તમારા વાસણ ઉટકી શકું, અને તે પણ આ દેવભૂમિમાં?'

જમીને અમે અમારા તંબુમાં ગયા ત્યારે સાંજ પડી ગઇ હતી. બીજે દિવસે અમે શેષનાગ આવવા ઉપડ્યાં ત્યારે તે ભાઇ પણ અમારી સાથે થઇ ગયા. શેષનાગ સુધી વાતો કરતા કરતા અમે આવી પહોંચ્યા. પછી તે ભાઇ ક્યાં ગયા તેની ખબર અમને ન પડી. પહેલગામ સુધીના રસ્તામાં ફરીવાર અને મળ્યા જ નહીં. ગમે તેમ પણ અમારું કામ તો થઇ ગયું.

ઈશ્વરની એ કૃપાને યાદ કરીને આજે પણ હૃદય ભાવવિભોર બની જાય છે. ધન્ય છે ઈશ્વરની કૃપાને!

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

ઉપરવાળો સૌ સારાંવાનાં કરશે!

–ડૉ.આઇ.કે.વિજળીવાળા

'હવે શું થશે?' આ એક જ પ્રશ્ન બધાના મનમાં ઘૂમરાતો હતો. દરેકના કાનમાં વગર બોલ્યે પણ આ સવાલ પડઘાતો હતો. અનિશ્ચિતતાના ઓછાયા નીચે પસાર થતો સમય આફતના કાળ કરતાં પણ દુષ્કર હોય છે. થાકીને લોથ થઇ ગયેલાં ચરણોને મંજિલ નજીક લાગતી હોય ત્યાં જ આડો હિમાલય જેવો પર્વત ઊભો થઇ જાય તેવો જ કંઇક પ્રસંગ અમારા ઘરમાં બન્યો હતો. હવે શું થશે?–એ પ્રશ્ન સિવાય ઘરમાં જાણે કોઇનું અસ્તિત્વ જ નહોતું. ઘરના એક ખૂણેથી બીજા ખૂણે આ સવાલ જાણે ચલકચલાણું રમીને પોતાની હાજરીની સતત પ્રતીતિ કરાવતો હતો.

વાત એમ બની હતી કે મને મેડિકલ કૉલેજમાં એડ્મિશન મળી ગયાનો કાગળ આવ્યો હતો! આમ તો આવો કાગળ મળવો એ એક અતિ આનંદની ઘટના જ કહેવાય. એક ગરીબ છાપાવાળાની ઝૂંપડીમાં મોટા થયેલા અને દારુણ ગરીબીમાં ઉછરેલા વિદ્યાર્થીને મહેનત અને મેરિટથી જ મેડિકલ કૉલેજમાં એડ્મિશન મળે એ ખરેખર ગૌરવ લેવા જેવી બીના હતી. અમારા ઘરમાં પણ ઘડીક આનંદની લહેરખી ફેલાઇ ગઈ હતી. પણ મજૂરને કોઇ મર્સિડીઝ ભેટમાં આપે પછી બીજી ક્ષણે જ પેટ્રોલ કેમ પુરાવવું એ પણ એક પ્રશ્ન હોય તેવી જ દશા અમારા સૌની થયેલી.

એડ્મિશનના લેટરમાં સૌથી પહેલા પાને જ લખેલું હતું કે, '૭ જુલાઇ ૧૯૭૮ના રોજ બી. જે મેડિકલ કૉલેજમાં સવારે

૧૧–૦૦ કલાકે હાજર રહેવું. સાથે રૂપિયા ૨૬૮/–અંકે રૂપિયા બસો ને અડસઠ ટર્મફીસના એ જ દિવસે ભરવા પડશે.' અને આ બીજા વાક્યથી જ અમને તકલીફ થઈ રહી હતી. અતિ ગરીબાઈના એ દિવસો હતા. બાપુ છાપાં વેચીને ગુજરાન ચલાવે. હાંડલામાં કંઈ પણ પડ્યા ભેગું જ સાફ કરી નાખતાં અમે ઘેરોએક માણસ. ઘરમાં કાયમ અછતના ઓળાઓ જ આંટાફેરા કરતા હોય. બે પૈસાની બચત હોય એવું તો ક્યારેય સપનું પણ ન આવે. આખર તારીખે તાવડી ટેકો લઈ જાય તેવા દિવસો હોય તેમાં બસો ને અડસઠ રૂપિયા કાઢવા ક્યાંથી? કેટલાય ઉછીના–પાછીના થાય ત્યારે તો મહિનો પૂરો થાય. તેમાં આટલી મોટી રકમ તો સાવ અણધારી જ હતી. એમ જ કહી શકાય કે અમારી તેવડ અને ગજા બહારની એ વાત હતી. બાપુએ પણ એટલા બધા લોકો પાસેથી ઉછીના પૈસા લીધા હતા કે હવે એમને કોઈ ૧૦ રૂપિયા આપવા પણ તૈયાર નહોતું. તો આ રકમ તો એનાથી ૩૦ ગણી હતી. કોણ આપે?

ઉપરવાળો સૌ સારાં વાનાં કરશે! એટલે ક્યાંયથી ઉછીના પૈસા મળશે એવી ખોટી આશા પણ રાખી શકાય તેમ નહોતું. અને જો બે દિવસમાં પૈસાની વ્યવસ્થા ન થાય તો એડ્‌મિશન કેન્સલ થાય તે પણ બધા જાણતા હતા. એટલે આ વ્યવસ્થા કઈ રીતે થશે એ યક્ષપ્રશ્ન અમને ગળેથી પકડીને ગૂંગળાવી રહ્યો હતો. અને કદાચ વ્યવસ્થા ન થઈ શકી તો શું થશે? આ 'શું થશે?' એ પ્રશ્ન જ અમને આજે અકળાવતો હતો.

ખુદા હશે કે કેમ એ અંગે અમે હંમેશાં સાશંક રહેતાં. પણ મારાં દાદીમા અત્યંત શ્રદ્ધાળુ હતા. અમારી મૂંઝવણ જોઈને વારંવાર એ બોલતાં હતાં કે, 'ખુદા સૌનું ભલું કરશે! સૌ સારાં વાનાં જ થશે. તમે બધાં ચિંતા કરો મા!'

પરંતુ અમારામાંથી બીજાં કોઈને એ સમયે આ શબ્દો પર રતીભાર પણ વિશ્વાસ નહોતો. ઝાંઝવાંનાં જળ ઢીંચવાનાં જ જેનાં નસીબ હોય તેને મીઠા પાણીની આશા આપવા જેવા આ શબ્દો હતા. સહરાના રણની વચ્ચોવચ આવતા વરસે મીઠામધ જેવા પાણીનું સરોવર હશે એમ કોઈ કહે અને રણમાં રહેતા માણસને જરાય વિશ્વાસ ન જ આવે એવું જ કંઈક અમારું પણ હતું.

પરંતુ તરણું મળે તો તરણું, બચી જવા માટે કંઈક પ્રયત્ન તો કરવો જ રહ્યો એ ન્યાયે બાપુ, 'ચાલો! હજુ બેચાર જણને મળતો આવું, કદાચ ક્યાંકથી મેળ પડી જાય!' કહી સાઈકલ લઈને મારા ભાગ્યની શોધમાં ગયા. ઘરનાં સૌ પોતપોતાનાં કામે વળગ્યાં.

અમારી કાચી માટીની તેમ જ પતરાંના છાપરાવાળી ઝૂંપડીનું ફળિયું ખૂબ વિશાળ હતું. ઉનાળાના ઉત્તરાર્ધના એ ગરમ દિવસોથી આખો દિવસ શેકાયા બાદ અમે ફળિયામાં રહેવાનું જ પસંદ કરતાં. અલકમલકની વાતો કરતાં કરતાં કોઈ જુદા જ પ્રદેશની સફરે પહોંચી જતાં. તે દિવસે પણ રાત્રિના સાડા દસ વાગ્યા સુધી અમે બધાં બાપુની વાટ જોતાં બેઠાં હતાં. વાતો તો ત્યારે પણ અલકમલકની જ ચાલતી હતી પણ બધાંયનાં મન પેલા સવાલની આસપાસ જ ઘૂમરાતાં હતાં. છેક પોણા અગિયાર વાગ્યા ત્યારે બાપુજી આવ્યા. એમના અમારી સામે દૃષ્ટિ માંડવાના અંદાજ પરથી એ ખાલી હાથે પાછા આવ્યા છે એ અમે સમજી ગયાં. એમને કોઈએ કંઈ પણ પૂછ્યું નહીં. ફક્ત દાદીમા એક જ બોલ્યાં કે, 'ખુદા સૌ સારાં વાનાં જ કરશે. હવે વાતું બંધ કરીને બધાં સૂઈ જાવ.'

બસ, હવે એક જ દિવસ બાકી રહ્યો હતો.

બીજો દિવસ ઊગ્યો. એ પણ દર સાઠ મિનિટે એક કલાકની ઝડપે જ ભાગતો હતો. સાંજના પાંચ વાગી ચૂક્યા હતા. હવે અકળામણનું સ્થાન મૂંઝવણે લઇ લીધું હતું. મારાથી બોલાઇ ગયું, 'એ લોકો ફી બાકી ન રાખે? આપણને અત્યારે એડ્મિશન આપી દે અને પછી આપણે આવતા મહિના સુધીમાં પૈસા ભરી દઇએ તો ન ચાલે?' પણ કોઇએ મારા સવાલનો જવાબ ન આપ્યો એટલે હું સમજી ગયો કે એમ નહીં જ ચાલતું હોય.

અચાનક બાપુ ઊભા થયા. મને કહે કે, 'ચાલ! તારા એડ્મિશનના કાગળની અને બારમાની માર્કશીટની કૉપી જોડે લઇને મારી ભેગો ચાલ.'

દલીલને કોઇ અવકાશ જ નહોતો. ડૂબતા માણસે છેલ્લા શ્વાસ સુધી પ્રયત્નો ન જ છોડવાના હોય. કંઇ પણ બોલ્યા વિના હું એ બધી વસ્તુઓ લઇને નીકળી પડ્યો. અમે બંને બાજુનાં ગામ સોનગઢ ગયા. ત્યાં જઇને જે કોઇ વ્યક્તિ ઉછીના પૈસા આપી શકે તેવી લાગે તેને બાપુજી વાત કરતા. હું 'નમસ્તે!' કહીને મારી માર્કશીટ અને એડ્મિશનનો કાગળ બતાવતો. દરેક વ્યક્તિ મારી સફળતા જોઇને ખુશી થતી અને શાબાશી આપતી. પણ પૈસા તો કોઇ કરતાં કોઇએ ન આપ્યા. બાપુજી માગતા પણ દરેક વ્યક્તિ કંઇ ને કંઇ બહાનું કાઢીને પૈસા આપવાનું ટાળતી. દરેકને થતું કે આ પૈસા કોને ખબર ક્યારે પાછા મળે! આમ ને આમ છેક સાંજ પડી ગઇ. અમે બાપ–દીકરો થોડા ઢીલા પડી ગયા. 'હવે શું થશે' એ પ્રશ્ને ફરીથી અમારા મગજમાં હથોડા મારવાનું શરુ કરી દીધું હતું. અમે થોડીક વાર સોનગઢના બસસ્ટેન્ડમાં મૂંગા મૂંગા બેઠા. હાથમાં આવેલી બાજી હારી જતી

વેળા વખતે માણસને જેવી વેદના થાય તેવી વેદનાની રેખાઓ મારા બાપુના ચહેરા પર ઊપસી આવી હતી. આખી જિંદગી જેણે સાઇકલ પર ફેરી કરી હોય તે માણસના હાથમાં આવેલો કોળિયો ઝૂંટવાઇ જતો લાગે તો કેવું થાય તે તો એ જ જાણી શકે, જેના પર આવી વીતી ચૂકી હોય.

જેમ દિવસ એના ક્રમ મુજબ ઢળી ગયો તેમ સાંજ પણ હવે ધીમે ધીમે રાત્રિનું સ્વરૂપ લઇ રહી હતી. ઉનાળાના દિવસોમાં સાંજ થોડીક લાંબી રહેતી હોય છે. આછું આછું અંધારું થવા લાગ્યું. બાપુએ એક નિસાસો નાખ્યો. એમનામાં હવે સાઇકલ ચલાવવાની પણ હામ નહોતી રહી. અમે બંનેએ ધીમે ધીમે અમારા ગામની વાટ પકડી. મારું ગામ સોનગઢથી ફક્ત બે જ કિલોમીટર દૂર છે. કંઇ પણ બોલ્યા વિના પણ અમે લોકો ઘણી બધી વાત કરી શકતા હતા. સમય અભિવ્યક્તિની બધી પરિભાષા માણસને શીખવી જ દેતો હોય છે. અમે પણ એકબીજાના ભાવ સમજી–વાંચી શકતા હતા. નિરાશા અનુભવતું મારું મન વારંવાર દાદીમાના શબ્દો યાદ કરતું હતું કે, 'સૌ સારાં વાનાં થશે.' પછી મનોમન જ સવાલ ઊઠતો હતો કે, 'શું ખરેખર સૌ સારાં વાનાં થશે?' સાંજના ઊતરી રહેલા ઓળાઓ તો એવું નહોતા કહેતા.

સોનગઢ ગામ પૂરું થાય પછી રાજકોટ જવાના રોડ પર દક્ષિણ તરફ પાલિતાણાનો રસ્તો ફંટાય છે. એ વિસ્તારમાં ઘણાં બધાં જૈન કુટુંબો રહે છે. હતોત્સાહ એવા અમે બાપદીકરો ત્યાંથી નીકળ્યા એ જ વખતે શ્રી હિંમતભાઇ નામના એક ભાઇ ત્યાંથી નીકળ્યા. મારા બાપુજીને જોતાં જ એમણે બૂમ પાડી. 'કેમ કાસમ? આજે આમ ચાલતા ચાલતા જાય છે?'

(મારા બાપુને ત્યારે અમે ખૂબ ગરીબ હોવાથી બધા તુંકારે જ બોલાવતા. આજે આ બધાં જ માણસો જ એમને કાસમભાઈ કહીને બોલાવે છે. પૈસામાં આદર ખરીદવાની પણ વણદેખી શક્તિ રહેલી હોય છે તે અમને બરાબર સમજાવ્યું.)

'બસ એમ જ!' મારા બાપુજીએ ફક્ત એટલો જ જવાબ વાળ્યો.

'મજામાં તો છે ને?' હિંમતભાઈએ ફરી પૂછ્યું.

'હોવે! મજામાં જ છું!' બાપુજીએ આટલો જવાબ ઉપલક મનથી જ દીધો. પછી અમે આગળ ચાલ્યા. હજુ થોડાક જ આગળ ગયા હઈશું ત્યાં જ પાછળથી બૂમ પડી, 'અરે કાસમ! એક મિનિટ, આ તારી સાથે છે તે તારો દીકરો એ જ છે, જે બોર્ડમાં પણ એકાદ વિષયમાં નંબર લાવ્યો છે?'

'હા! એ જ છે!'

'અરે તો તો પાછો આવ!' હિંમતભાઈએ અતિ ઉત્સાહથી કહ્યું, 'અને એના માર્ક્સનો કાગળ કે કૉપી કે એવું કંઈ છે તમારી સાથે?'

'હા!' બાપુજીએ પાછા ફરતાં ટૂંકો જવાબ આપ્યો, કારણ કે આવું બધું તો સાંજથી લગભગ દસ વાર અમારી જોડે બની ચૂક્યું હતું.

અમે હિંમતભાઈ પાસે પહોંચ્યા. એમણે મારા હાથમાં રહેલા કાગળો જોયા. જોતાં જ એમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું, 'અરે! ભલા માણસ! તું તો વાત પણ નથી કરતો કે આને તો મેડિકલમાં એડ્‌મિશન પણ મળી ગયું છે.'

'આજે સવારથી બધાને વાત કરતો હતો. પછી અત્યારે કંટાળીને તમને વાત ન કરી!' મારા બાપુજી બોલ્યા.

'અરે! તું અત્યારે જ મારી સાથે ચાલ. તારા આ દીકરાને મારે મારા ઘરે આવેલા એક મહેમાનને મેળવવો છે. આજે મારે ત્યાં પૂનાના એક મોટા ઉદ્યોગપતિ આવેલા છે. એમને આ છોકરા સાથે મુલાકાત કરાવવાની મને ઇચ્છા છે. એક સાવ ગરીબ માણસનો દીકરો બારમા ધોરણમાં આટલું સરસ પરિણામ લાવે અને મેરિટ પર મેડિકલમાં એડ્‌મિશન મેળવે એ જાણીને એમને ખૂબ આનંદ થશે. આમેય તારે આના માટે કંઈક મદદની જરુર તો પડશે ને?' આટલું બોલીને મારા સર્ટિફિકેટની કૉપીમાંથી માંથું ઊંચું કરી હિંમતભાઈને મારા બાપુજી સામે જોયું. ચાર આંખ મળતાં જ એ સમજી ગયા કે 'જરુર પડશે' નહીં, જરુર પડી જ ગઈ છે.

આગળ કંઈ પણ કોઈ ન બોલ્યું. અમે ઉતાવળે હિંમતભાઈના ઘરે ગયા. એમને ત્યાં મહેમાન તરીકે આવેલા પૂનાવાળા પેલા શેઠ ફળિયામાં હીંચકા પર બેઠા હતા. અમે એમને નમસ્તે કર્યું, પછી બાપદીકરો ત્યાં બાંકડા પર બેઠા. હિંમતભાઈએ મહેમાનને બધી વાત કરી. પેલા શેઠે મારાં સર્ટિફિકેટ્સ તેમજ એડ્‌મિશનના કાગળ જોયા. એમના ચહેરા પરથી જ એ ખૂબ ખુશ થયા હોય તેવું લાગ્યું. એમણે મને પોતાની પાસે બોલાવ્યો. પછી મારી પીઠ થાબડી. ખિસ્સામાં હાથ નાખીને એમણે ૩૦૦ રૂપિયા કાઢ્યા. મારા હાથમાં મૂક્યા. હું અને મારા બાપુ સ્તબ્ધ થઈ ગયા. જે રકમને માટે અમે બબ્બે દિવસથી ઝાવાં નાખતા હતા તેને ઈશ્વર આમ એક શેઠના રૂપમાં અમારા હાથમાં મૂકી રહ્યો હતો. મારી મૂંઝવણ પારખી ગયા હોય તેમ એ શેઠ જ બોલ્યા, 'જો દીકરા! આ પૈસા હું તને મારી ખુશીના આપું છું. એ તારે ક્યારેય પાછા નથી આપવાના. પણ તું મોટો થા, ભણીને ડૉક્ટર બની જા, પછી આવા કોઈ ગરીબ

વિદ્યાર્થીને મદદ જરુર કરજે. અને હવે પછી દર છ મહિને તારે મને કાગળ લખવાનો. તારું બોનાફાઈડ સર્ટિફિકેટ મોકલવાનું અને હું તને નિયમિત પૈસા મોકલીશ. આ લે મારું કાર્ડ. આમાં મારું સરનામું છે.' એમણે મને એમનું કાર્ડ આપ્યું.

થોડી વાર વાતો કર્યા પછી અમે ઊઠ્યા. ઘરે જવા માટે હવે પગમાં પૂરી તાકાત આવી ગઈ હતી. મેં ભગવાનને કે એવી કોઈ પણ શક્તિને ક્યારેય જોઈ નથી પણ કોઈ કે કોઈ સ્વરૂપમાં એ આવીને મને મદદ કરી જતી હોય એવું એ વખતથી પ્રતીત થતું રહ્યું છે. અમે બાપદીકરો તો જાણે પગ નીચે કઠણ અને ખરબચડી જમીન નહીં પણ પોચાં પોચાં રૂનાં વાદળાં ન હોય તેમ ચાલતા હતા. ઘરે પહોંચ્યા ત્યારે અંધારું પૂરેપૂરું જામી ચૂક્યું હતું. બધાં અમારી જ વાટ જોતાં હતાં. આજે વાળુ તૈયાર હતું પણ કોઈએ એક પણ દાણો ચાખ્યો નહોતો. અમે લોકોએ બધી વાત કરી ત્યારે આખા ઘરમાં ખુશીની લહેર દોડી ગઈ. જાણે આજે જ એડ્મિશન મળી ગયાનો સાચો આનંદ સૌએ માણ્યો હોય તેવું લાગતું હતું. હાસ્યને જાણે કોઈએ જાદુઈ ડાબલીમાંથી બહાર કાઢીને વેરી દીધું હોય તેમ ઘરનો ખૂણેખૂણો તાણમુક્ત થઈ હાસ્યભર બની ગયો હતો. બધાંએ સાથે બેસીને વાળુ કર્યું. બાપુજીએ માંડીને બધી વાત કરી. એક પ્રકારની શાંતિ છવાઈ ગઈ. થોડીક વાર સુધી કોઈ કંઈ પણ બોલી શક્યું નહીં. પછી દાદીમા બોલ્યાં, 'હું નહોતી કહેતી?! ખુદા સૌ સારાં વાનાં જ કરશે. કર્યાં ને?!'...

(હું એમ. બી. બી. એસ. થઈ ગયો ત્યાં સુધી પૂનાવાળા એ માનનીય શેઠશ્રી તરફથી મને નિયમિત મદદ મળેલી)

સ્પષ્ટતા

—તંત્રી

અધ્યાત્મ માસિકના માર્ચ, ૧૬ના અંકમાં પાના ૫૭ પર છેલ્લે પદની પંક્તિઓની નીચે 'શ્રી અજય કલોલા' છપાયું છે.

આ આખું પહેલી આઠ લીટીનું પદ, "શરણ સ્વીકાર્યું શા કાજે"થી શરુ કરી—"પરમ સખાનો એ છે સાદ સર્વેશ્વરીએ ઝીલ્યો આજ"—એ પદમાં જણાવ્યા પ્રમાણે પૂ.માને સ્ફુરેલી એ પંક્તિઓ છે.

પરંતુ "મારી પાછળ મારી હસ્તી એ રીતે વિસરાઈ ગઈ, આંગળી જળમાંથી નીકળીને જગા પૂરાઈ ગઈ" એ પંક્તિઓ શ્રી અજયભાઈ કલોલાએ કોઈ કવિની રચના ગાઈ સંભળાવેલી એ સ્પષ્ટ કરવું લેખમાં રહી ગયેલું, જેથી જાણે આખી દસે દસ પંક્તિઓ શ્રી અજયભાઈ કલોલાની રચના હોય, એવું વાંચકને લાગે, જે સાચું નથી. એટલે આ સ્પષ્ટતા કરવી પડી છે.

વળી પાન ૫૯—૬૦ પરનું 'મૌન એકાંત પર્વ' અંગે જે લખાણ છે તે હરિ—રસની હેલી (૧) પાનું ૫૪ પહેલાં મૂકવાને બદલે શરતચૂકથી પાછળ મૂકાયું છે. જે યોગ્ય નથી. આ બન્ને ક્ષતિઓ બદલ તંત્રી લેખક અને વાંચકોની ક્ષમા યાચે છે.

પૂ.શ્રીનાં દિવ્ય પ્રાગટ્ય પર્વો

—સંકલન : જ્યોત્સ્નાબેન ત્રિવેદી

હરિરસની હેલીમાં સહુ તરબોળ થયા પછી સાધકોને તે અવસરની મોજ પાછી માણવા મળે તે માટે શ્રી દેવાંગભાઇ અમેરિકાથી ઓચિંતા પધાર્યા. ૧૮, ૧૯, ૨૦ માર્ચે ફરી એ પરિતૃપ્તિ કરાવી.

તા. ૧૭મીએ રાત્રે પૂ.શ્રીના લીલા સંવરણ દિનને ૩૨ વર્ષ પૂર્ણ થયાં. તે માટે શ્રી માએ સાધના પર્વ માટે છેક નાના નિયમો આપ્યા છે. ૩૨ બાવની, ૩૨ પ્રણામ, ૩૨ પ્રદક્ષિણા, ૩૨ માળા, ૩૨ વરદ હસ્ત સ્તુતિ જેમાંથી કોઇપણ બેનો વિકલ્પ સ્વીકારવાના અને સહુએ પ્રમાણિકપણે તે સાધના કરી લીધી. હે પ્રભુ, જીવનમાં પ્રભુકૃપાની ભરતી કરી દો જેથી અમાસના અંધારાં ઉલેચવામાં પરિશ્રમ નકામો ના જાય. રોજ જ પ્રભાત એટલે રાતના અંધકારથી રક્ષા. અમારા જીવનમાં સદાય પ્રકાશ જ હજો.

શ્રી ઈંદિરા દેવીના ''આ મારી પ્રાર્થના'' પુસ્તકમાંથી વાંચન થાય છે. તેઓશ્રી પોતાની જાતને પૂછે છે કે હું મારા ગુરુને પૂર્ણપણે સર્મપિત થઇ શકી છું?

પૂ.શ્રીમાઃ—રોજ આવા પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવા કે પૂર્ણ સર્મપિત થવામાં, કૃપા મેળવવામાં આપણે કયાં કયાં ઉણા ઉતરીએ છીએ?

આપણી શ્રદ્ધા વહેંચાયેલી રહે છે. એટલે એક જ જગ્યાએ પાણી નીકળશે તેવું માનતા નથી. તેથી ચાર પાંચ જગ્યાએ ખોદકામ કરીએ તેથી પાણી પામતા નથી. એક જ ગુરુ, એક જ શરણ, એકજમાં દઢ શ્રદ્ધા હશે તો જ પેલે પાર તરીને ઉતરાશે. જો નબળો પોચો ગુરુ હોય

અને આપણી શ્રદ્ધા જો દઢ મજબૂત હશે તો પ્રભુ જ એમાં પ્રવેશીને આપણને તારશે જ. માનવ જીવનમાં તપની તલવાર હોય ધર્મની ઢાલ હોય તો જીવન સુખી બને.

તા.૧૯—૦૩—૨૦૧૬

આજથી 'હાશ—પર્વ'નો પ્રારંભ થાય છે. આ વિસ્તારમાં રહેતા આપણી હૂંફના હકદારભાઇ બેનોને વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવનાર છે, તે સમગ્ર પર્વના સહયોગી છે આપણા અતિ નમ્ર સાધક અમેરિકા નિવાસી શ્રી ચંદ્રકાતભાઇ શાહ અને શ્રી અનસૂયાબહેન શાહ, મૂળ અમદાવાદ છે.

આ પર્વના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી શ્રી મા કહે છે (આ છાશ લેનાર ભાઇ બહેનની લાઇનને બતાવીને) આપણા પર ઈશ્વરની કેટલી બધી કૃપા છે કે આ રીતે આપણે આવી લાઇનમાં બેસવું પડ્યું નથી. છાશની કિંમત તેમને મન કેટલી છે! તેનો ખ્યાલ આપણને શી રીતે આવી શકે? કર્પૂરવનમાં એક મારવાડી પરિવાર રહેતો. દરરોજ તે બેન છાશ લેવા આવે. ફળિયામાં જેના ઘરે છાશ હોય તે તેમને ૧ તપેલી મફત છાશ આપે. આજે સમજાય છે કે તે બેન શા માટે છાશ લેવા આવતાં હશે. ઘરમાં જરુર કંઇ મુશ્કેલી હશે. આપણા પર પ્રભુની કૃપા છે કે આ સત્કર્મ કરવાનો વિચાર આવ્યો અને સેવા તરત શરુ થઇ ગઇ, અને દરેક વખતે વિવિધ સ્વજનો તે સેવા ઉપાડતા જ રહે છે.

આપણાં બાળકો આ રીતે બેસે તો આપણને ગમે? ખૂબ પ્રેમથી આ બધા પ્રભુનાં જ બાળ સ્વરૂપો છે માની વધાવવાના છે. માને તો એક જ સ્મરણ રહે છે કે સરોડામાં શ્રી મણિબાળને ઓટલે કેવું બાળ સ્વરૂપ રમતું હશે? માતાએ કેવા કપરા સંજોગોમાં લાડ લડાવ્યાં હશે! માને તો એવું લાગે છે કે આપણી કસોટી કરવા પ્રભુ કોઇ બાળકનું રૂપ ધરીને પધારે. એટલે દરેક બાળકમાં પ્રભુને જોવાની ટેવ પાડો તો દષ્ટિ

બદલાઈ જશે. બિસ્કીટ હોય તો તે પણ બાળકોને આપવાં જ.

૧૧ની બેઠકમાં પૂ. શ્રી સુશીલામાસીએ રચેલી સ્તુતિનું ગાન થાય છે.

પૂ. શ્રી માઃ—કથામૃતનું સ્મરણ કરીએ, મહાપુરુષના નાના નાના આચરણમાંથી નિત્ય નવા સંદેશ મળતા રહે છે. આપણે ધ્યાનથી સાંભળીએ તો શ્રવણ ભક્તિ પણ તારનાર બને છે એટલે કથામૃત પણ એકરસ થઈ સાંભળવું.

પૂ. શ્રી દરરોજના જીવનમાં મોટો ટુવાલ વાપરતા નથી.

આપણા પૂજ્ય પુરુષ રોજ ૮૫ બેઠક, ૬૫ દંડ કરે તો આપણાથી બેસી થોડું રહેવાય! એટલે આપણે પ્રણામ પૂજા ચાલુ કરી છે. પૂ. શ્રી મણ આચરણ કરે તો આપણે પાશેર તો કરીએ. મહાપુરુષની દિનચર્યા જ એક મહાગ્રંથ જેવી છે.

મોક્ષમાર્ગના સંતો ગૃહસ્થી છે. તેઓ પોતાના બાળકને દર અઠવાડિયે એક વાર ફાટેલાં કપડાં પહેરાવે. કેવું સરસ ઘડતર કહેવાય!

આજે કથામૃતમાં પનામાના ગુલાબ બહેનની વાત આવે છે તેઓ કહે છે જ્યાં સુધી પૂ. શ્રીના દર્શન નહીં થાય ત્યાં સુધી એક ટંક જ જમીશું. પૂ. શ્રી તેઓને કહે છે આપણે ફોનથી મળ્યાં અને અમારો અવાજ સાંભળ્યો, તે દર્શન જ કહેવાય. ભગવાન ઘણીવાર દર્શન આપે ત્યારે અવાજ જ સંભળાય.

પૂ. શ્રીમા પૂ. શ્રીને પૂછે છે.

સંતોનાં દર્શન કરવાની ઈચ્છા છે.

પૂ. શ્રીઃ—તો તેમનાં સ્વરૂપોને યાદ કરી પ્રાર્થના કરવી તો તેનો પડઘો પડશે જ.

પૂ. માઃ—સૌથી પહેલાં કોણ દર્શન આપશે?

પૂ. શ્રીઃ—સાંઈબાબા

પૂ. માઃ—ભગવાનના દર્શન કેટલા સમય માટે થાય?

પૂ. શ્રીઃ—જેવી ભક્તની ભાવના. ભગવાનની ઈચ્છા તેવા અને તેટલા સમય માટે થાય.

પૂ. માઃ—કેટલી બધી પ્રેરણા ઝીલવી હોય તો ઝીલી શકાય.

મહાપુરુષો કે સંતો ભલે શરીર છોડી જાય. દેહાતીત થાય છે છતાં શાશ્વતતાની હવા ફેલાવે છે.

બધા ગ્રંથોના પ્રકાશન સમયે પૂ. શ્રીમા કહે છે ગ્રંથો પણ સાચા સમીક્ષક સ્વજનની પ્રતીક્ષા કરતા હોય છે વર્ષો સુધી પૂ. શ્રી તરલાબેનને અતિ નિકટ લાવી પોતાનાં કાર્યો કરાવી રહ્યા છે. આ ગ્રંથ ૧૫—૨૦ વર્ષ પહેલાં પ્રકાશિત થયો હોત તો આપણને તરલાબેનનો લાભ ન મળ્યો હોત. ગ્રંથો પણ તરલાબેનની પ્રતીક્ષા કરતા હતા.

તરલાબેનઃ—આ બધા ગ્રંથો ગ્રંથિ તોડી દે

આ રોશની ને પ્રકાશ બીજું કંઈ નથી. એનો ઝળહળાટ થયો છે. ટાગોરે ૬ થી ૭ હજાર પદો રચ્યાં પછી લખ્યું હજી તો સિતાર પર માત્ર તાર મેળવી શક્યો છું. પછી લખ્યું **Silence is the only language and others are translations.**

સર્જક કંઈ ન કરે, પણ માત્ર પ્રતીક આપી દે તો પણ મહાકવિ બની જાય.

સુંદરતાને તો સહુ કોઈ ચાહે. અસુંદરતાને ગાઈ ગાઈ ને સુંદર બનાવે છે.

પાનખરના પર્ણો પણ કહે છે મારે પણ વસંતનો વૈભવ હતો.

(ક્રમશઃ)